Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ
# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
C.D.O. PRAKASH SAMIKSHA
Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in
RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૧ • તા.૧૮ મે થી ૨૪ મે ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## ધર્મભાવમાં ભળી નેતૃત્વ શકિત
## અનોખી રહી તમારી જિનશાસન ભકિત !

જન્મ
૨૦ મે ૧૯૧૩



દેહાંત
૦૬ જાન્યુ. ૧૯૮૫

## શ્રી નારાણજી શામજી ભોમાયા
(વરાડિયા-માટુંગા)

બહુમુખી વ્યક્તિત્વ, વ્યવસાયમાં અવ્વલ....
વેપાર-ખેતી-ઉદ્યોગમાં આપણી કારકિર્દી ઉજ્જવલ....
આપ અચલગચ્છના ઇતિહાસનું ઉત્તુંગ શિખર ધવલ....
દેહાંતેય કર્મવીરની સ્મૃતિ ફેલાવતી રહે પ્રેરણા પરિમલ !

- પ્રકાશ સમીક્ષા સમિતિ

# જૈન સમાજની એકતાના સ્વપ્નદૃષ્ટા

# સુશ્રાવક શેઠ શ્રી નારાણજી શામજી મોમાયા

## જન્મ શતાબ્દિ નિમિત્તે સપ્રેમ સ્મૃતિ...

''ધર્મ એ માનવ જીવનની દીવાદાંડી છે'' એ વિચારસરણીને વરેલા ધર્માનુરાગી શ્રી નારાણજી શામજી મોમાયાનો જન્મ તા.૨૦.૦૫.૧૯૧૩ના માયસોર રાજ્ય (હાલ કર્ણાટક)ના હુબલી ગામે થયો હતો. ફક્ત નવ માસના હતા ત્યારે પિતાની છત્રછાયા ગુમાવી પણ માતાની મમતા મળી. એમનું વતન કચ્છ-વરાડિયા અને કર્મભૂમિ મુંબઇ.



સોળમા વર્ષે મુંબઇમાં બાબુ પન્નાલાલ હાઇસ્કુલમાં મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. આઇ.સી.એસ. થવાની ખૂબ તીવ્ર ઇચ્છા હોવા છતાં આર્થિક સંજોગો અને માતાના આગ્રહથી આટલી નાની કુમાર વયે રૂના ધંધામાં ઝંપલાવ્યું. તત્ત્વચિંતક પિતાશ્રી, ધર્માનુરાગી માતુશ્રી તથા મોટાબેનના આદર્શો શ્રી નારાણજીભાઇએ જીવનમાં સચોટ રીતે ઉતાર્યા હતા. ઘરનો બોજો ઉપાડવાની સાથે તેમણે કાયદો, બેન્કીંગ, ટેક્સેશન ઇત્યાદિના ઊંડો અભ્યાસ કર્યો. ઘોડેસવારી તથા બંદૂકબાજીમાં પણ નિપુણતા મેળવી.

ઇ.સ. ૧૯૪૨માં રૂનો વેપાર કરતી સુવિખ્યાત પેઢી મેસર્સ ખીમજી વિશ્રામજીની કું.માં ભાગીદાર તરીકે જોડાયા અને પોતાની કુનેહ અને દીર્ઘદ્રષ્ટિથી હિંદભરમાં રૂના ધંધાનો સારો એવો વિકાસ કર્યો. એમની પાસેથી રૂ ખરીદનાર મીલમાલિકોને રૂ ની જાત અંગે નિશ્ચિંતતા પ્રાપ્ત થઇ. ભારતમાં ઉત્પન્ન થતા વિવિધ પ્રકારના રૂની પરખમાં અને ઉત્પાદન આંકડાઓ મૂકવામાં તેમને નિષ્ણાત તરીકે મોખરામાં સ્થાન અપાવ્યું હતું.

ન્યાયપ્રિયતાના સિદ્ધાંતને વરેલા શ્રી નારાણજીભાઇને જ્યારે લાગ્યું કે મીલોને નુકસાન ન થવું જોઇએ, વ્યાપારીઓને પણ પૂરતું મળવું જોઇએ અને સાથે મહેનત કરી કપાસ ઉગાડનાર ખેડુતોનું પણ શોષણ ન થવું જોઇએ ત્યારે ઇ.સ.૧૯૬૨માં હિન્દભરમાંથી બે લાખથી વધુ સહીઓવાળું મેમોરેન્ડમ ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને મોકલાવ્યું. આની અસરરૂપે સરકારશ્રીને તાત્કાલિક રૂના ભાવ વધારવાની ફરજ પડી અને ત્યારબાદ ભાવ નિયંત્રણ પણ દૂર કરવાની ફરજ પડી.

ઇ.સ. ૧૯૭૭-૭૮માં જનતારાજ દરમ્યાન તેમણે ભારત સરકારના પ્લાનિંગ કમિશનને, ભારતમાં રૂનું ઉત્પાદન હાલમાં એક કરોડ ગાંસડી સુધી એકરેજ છે, એનાથી પણ ઓછા એકરમાં ફક્ત શુધ્ધ બિયારણ આપી કેમ ઉત્પાદન વધારવું અને એ રીતે વધુ ઉત્પાદન મેળવી ભારતની મીલોને ઓછા ભાવે રૂ મળે, ખેડુતોને સારા ભાવ મળે અને સરકારને નિકાસમાંથી કિંમતી વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થાય એવી રજૂઆત કરી.

રૂના ધંધાની સાથે સાથે શ્રી નારાણજીભાઇએ મે. ખીમજી વિશ્રામ સાથે ભાગીદારીમાં K.V. Cotton Ginning & Pressing Co. Ltd., Shri Karur Mills Ltd., તથા Puducotta Textile Mills Ltd. સ્થાપીને ઔદ્યોગિક ક્ષેત્રે ઝંપલાવ્યું.

ખેતી ક્ષેત્રે આપણા ભાઇઓ ખેતી પ્રત્યે પોતાની માતૃભૂમિમાં આકર્ષાય એ હેતુથી ઇ.સ.૧૯૬૨માં કચ્છમાં ''મોમાયા ખેતી કેન્દ્ર'' ની સ્થાપના પોતાના ગામાઇ ભાઇઓ સાથે કરી. હાઇબ્રીડ બાજરી, ઘઉં વગેરેના શુધ્ધ બિયારણો ખેડૂતોને અપાવ્યા. રૂની જેમ તેઓશ્રી હીરા પારખવામાં પણ એટલાજ નિષ્ણાંત હતા.

ઇ.સ.૧૯૬૮માં શ્રી અચલગચ્છનું પ્રથમ અધિવેશન કચ્છ ભદ્રેશ્વર મુકામે ભરાયું તેના તેઓશ્રી પ્રમુખ નિમાયા ને શ્રી અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘની સ્થાપના કરાઇ. એના પાયાના મુદાઓ બે દિવસમાં તૈયાર કરી, સમસ્ત ચતુર્વિધ સંઘ સમક્ષ રાખ્યા. અન્ય કોઇ સંઘોમાં પ્રાયઃ અત્યાર લગી નથી થયું એવું સાધુ-સાધ્વીજી, શ્રાવિક-શ્રાવિકાનાં ચતુર્વિધ સંઘનું સંગઠન ઊભું થયું. એમાં કચ્છી દશા વીસા. ગુર્જર-ગુજરાતી તથા રાજસ્થાની અચલગચ્છની સમાચારી પાળતા ચારેય સંઘોનું સુદ્દઢ સંગઠન કર્યું. ૧૧ વર્ષ પ્રમુખ તરીકે રહી તેમણે નોંધ પાત્ર સેવાઓ આપી.

### એમાંની ત્રણેક ઝલક.......

(૧) ગિરિરાજ શત્રુંજય મધ્યે આપણી અષાઢી પૂનમની યાત્રા જે છેલ્લા ૪૦૦ વર્ષથી બંધ હતી તે શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી પાસે શાસ્ત્રોક્ત રજુઆત કરી શરૂ કરાવી. અચલગચ્છ માટે આ એક ઐતિહાસિક ઘટના બની રહી.

(૨) લગભગ ઇ.સ.૧૯૬૯-૧૯૭૦-૭૧ લાગલગાટ કચ્છમાં કારમાં દુકાળ પડ્યા. શ્રી અચલગચ્છ સંઘના નેજા હેઠળ શ્રી નારાણજીભાઇએ ગુજરાતી નાટક તથા

(અનુસંધાન ૩જા કવર પર ...)

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 21 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સજ્જતાનો અભાવ કે વધુ પડતી જવાબદારીનો ભાર ?

તાજેતરમાં થયેલી ઘટનાઓએ જ્ઞાતિના જાણકારો ને મહત્ત્વની સંસ્થાઓનો વહીવટ સંભાળનારાઓ તેમણે સ્વીકારેલી જવાબદારી અંગે પૂરા સજ્જ છે કે નહીં એનો વિચાર કરવાની ફરજ પાડી છે.

એકંદરે જોઈએ તો જ્ઞાતિનું સમાજજીવન મોટાભાગના અન્ય સમુદાયોની તુલનામાં ઘણું સમૃદ્ધ છે. સદભાગ્યે, જ્ઞાતિમાં બૃહદ ક્ષેત્રે નામના પામનારા નેતાઓની મોટી ફોજ રહી છે. એટલે સજ્જતાના અભાવની વાત કરતા પહેલાં બે વાતનો વિચાર કરવો રહ્યો. પહેલી વાત તો એ કે, એવું નથી ને કે નેતાઓ તેમની જવાબદારી અંગે વ્યાજબી સજ્જતા ધરાવતા હોય, પણ અગાઉના આગેવાનોએ સામાન્યથી વિશેષ કરી બતાવ્યું હોય એટલે જ્ઞાતિ તેમની પાસેથી વધુ પડતી અપેક્ષા રાખતી હોય ?

બીજી એ વાત પણ શક્ય છે કે, તેઓ વ્યાજબી જવાબદારી અંગે પૂરા સજ્જ હોય પણ તેમણે વધુ પડતી જવાબદારીઓ સ્વીકારી લીધી હોવાથી સજ્જતા હોવા છતાં યોગ્ય પરિણામ લાવી શકાતા ન હોય.

આ બધી શક્યતાઓમાંથી જ્ઞાતિના આગેવાનો અને ખાસ કરીને ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ તથા અનંતનાથ ટ્રસ્ટ સાથે સંકળાયેલા આગેવાનોની બાબત શું સ્થિતિ છે તેનો વધુ વિચાર જરૂરી છે.

ઈ.સ.૨૦૦૯ની ચૂંટણી અનંત યુવાશક્તિના આગેવાનોએ મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ અને અનંતનાથ ટ્રસ્ટની બન્નેની જવાબદારી સ્વીકારી તેની પાછળ બન્ને સંસ્થાઓ વચ્ચે ભૂતકાળમાં વારંવાર થયેલી હંસાતુસી અને મુકાબલાની સ્થિતિ ટાળવાનો ઉદ્દેશ્ય હતો. જ્ઞાતિએ પણ ચૂંટણીમાં તેમને અભૂતપૂર્વ મત આપીને બન્ને સંસ્થાઓમાં તેમને જવાબદારી સોંપીને એ ઈરાદાને વધાવ્યો હતો.

જોકે, ત્રણ વર્ષના અનુભવના પ્રકાશમાં એટલું જરૂર કહેવું પડે તેમ છે કે મહાજનની વ્યવસ્થાપક સમિતિના વર્તમાન સભ્યો ફરિયાદ કરતા હોય કે ન કરતા હોય પણ અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી તેમની સાથે આદરભર્યું વર્તન થતું હોય એવું લાગતું નથી. મહાજનના પદાધિકારીઓ જે લોકો ટ્રસ્ટી તરીકે બેઠા છે તેમાંથી છે. તેઓ ઘણી બધી બાબતોમાં મહાજનની વ્યવસ્થાપક સમિતિને વિશ્વાસમાં લીધા વગર, તેમને આપવી જોઈએ તેવી માહિતી આપ્યા વગર કામ કરે છે. આવું કરીને તેઓ એક અર્થમાં જ્ઞાતિના સમાજજીવનમાં ખોટો ચીલો પાડી રહ્યા છે.

જોકે અહીં આપણે સજ્જતા અને કામગીરીની વાત કરી રહ્યા હતા. ત્રણ વર્ષનો અનુભવ એમ કહે છે કે, વધુ પડતી જવાબદારી સાથે લેવાથી અનંતનાથ ટ્રસ્ટની કામગીરી અને જવાબદારી જે ખૂબજ અટપટી અને વિશેષ કૌશલ્ય માંગે તેવી છે, તે પૂરી કરવામાં ક્યાશ આવતી દેખાય છે.

અલબત, આ તબક્કે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સજ્જતા અંગે ચૂકાદો આપવા કે ટીપ્પણી કરવા કરતાંય તેમણે પોતે આ બાબત સ્વયં વિચારણા કરવી જોઈએ અને તે અંગે યથાયોગ્ય કરવું જોઈએ તેવો અનુરોધ કરવાનું વધુ યોગ્ય ગણાશે.

ભૂતકાળમાં મુંબઈ મહાજનના એક મોભીએ મોટી પાઘ પહેરવાના મોહમાં મુંબઈ મહાજનને દસ વર્ષ માટે પાછળ ધકેલી દીધું હતું એ વાત ભૂલવી ન જોઈએ.

નાની ન્યાતરૂપે સામાજિક બહિષ્કાર પામેલા જ્ઞાતિજનોને મુખ્ય પ્રવાહમાં ભેળવવા અંગે મુખ્ય ભૂમિકા ભજવનાર મુંબઈ મહાજનના પ્રમુખ મહાજન અને ટ્રસ્ટ, એમ બેવડા ઘોડે સવારી કરવાનો મોહ છોડ્યો તે પછી જ તેઓ ઐતિહાસિક કાર્ય પાર પાડી શક્યા, એ સૌ જાણે છે. આ બન્ને વિરોધાભાસી વાતો આ બાબતે બહુ મહત્વની છે.

**- ચંદ્રસેન મોમાયા**



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ

(સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય

(જામનગર)

કન્યા છાત્રાલય : કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩, એરોડ્રોમ રોડ, જામનગર. ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦

વહીવટી કાર્યાલય : ૧૫, ગૌરવ એપાર્ટમેન્ટ, ૪ થે માળે, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૪ ૭૧૧૮

## પ્રવેશોત્સવ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

આત્મીય સ્નેહીજનો,

કન્યા કેળવણી ક્ષેત્રે કાર્યરત આપણી આ સંસ્થાએ સહૂ જ્ઞાતીજનો અને સખી દિલ દાતાઓના સહયોગથી ઝળહળતી સફળતા સાથે ૩૧ વર્ષ પૂરા કર્યા છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ – ૧૪ ની શરૂઆત ૯ જૂનથી થઇ રહી છે. અમો આ વર્ષે દીકરીઓના આગમનને પ્રવેશોત્સવ તરીકે મનાવવાનું નક્કી કર્યું છે તો સહુ શિક્ષણ પ્રેમી જ્ઞાતિ જનોને દિકરીઓને સફળતાના આશિર્વાદ આપવા અને પ્રોત્સાહિત કરવા તા. ૦૮ અને ૦૯ જૂન ૨૦૧૩ ના રોજ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પ્રવેશોત્સવ પ્રસંગે કાયમી નિભાવ ફંડની તક્તીનો અનાવરણનો કાર્યક્રમ પણ સાથે રાખેલ છે. તો આ પ્રસંગે સહુને જામનગર સંસ્થાપર પધારવા ફરી આગ્રહ ભર્યું આમંત્રણ છે.

### કાર્યક્રમની રૂપરેખા

### શનિવાર, તા. ૦૮/૦૬/૨૦૧૩

બપોરે ૦૩.૦૦ કલાકે : સ્વાગત તથા પ્રવેશ પ્રક્રિયા

સાંજે ૦૬.૦૦ કલાકે : ચૌવિહાર
(દાતા–માતુશ્રી બાંચાબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર, મોટીખાવડી)

સાંજે ૦૭.૦૦ કલાકે : જ્ઞાતિજનો, વાલીઓ તેમજ દિકરીઓ સાથે મેળાવડો

રાત્રે ૦૯.૦૦ કલાકે : શ્રી મહાકાળી માતાની ભાવના
(દાતા–માતુશ્રી પુરબાઇ લખમશી લોડાયા પરિવાર, દલતુંગી)

### રવિવાર, તા. ૦૯/૦૬/૨૦૧૩

સવારે ૭ થી ૮ કલાકે : નવકારશી
(દાતા – માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર, દલતુંગી)

સવારે ૯ થી ૧૧ કલાકે : તક્તી અનાવરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ

સવારે ૧૧.૩૦ થી ૧ ક. : સ્વામીવાત્સલ્ય
(દાતા – માતુશ્રી લીલબાઇ પદમશી વોરા પરિવાર, રંગપુર હાલે કોઇમ્બતુર)

સહુ જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં પધારી આ પ્રસંગેને દીપાવશો.

આભાર જય જિનેન્દ્ર!

લી. ક.દ.ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ (રજી.)
શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી (પ્રમુખ)

જાહેરાત સૌજન્ય : યંગસ્ટાર ગ્રુપ, મોટી ખાવડી




## ધર્મયાત્રા કરાવનારાઓને ધન્યવાદ

હૈદરાબાદથી કુલપાકજી તીર્થયાત્રી સંઘ દ્વારા સંઘપતિ અનુદાન દ્વારા કુલપાકજીની નિયમિત યાત્રા કરાવાય છે. તેમ શ્રી સનત ખોના (ડોંબિવલી)એ તાજેતરમાં શ્રી શહાપુર તીર્થ યાત્રા સંઘ-ડોંબિવલી સ્થાપના કરી અને પ્રથમ યાત્રા ૨૮.૪.૨૦૧૩ના કરાવી પ્રારંભ કર્યો. દર મહિનાના છેલ્લા રવિવારે આવી યાત્રા યોજાશે, જે માટે સંઘપતિ પાસેથી રૂા.૧૧૦૦૦/-નું અનુદાન મેળવી ભાવિકોને માત્ર રૂા.૫૦/- માં શાહપુરની યાત્રા કરાવાશે.

સંઘપતિ બનવા ઇચ્છુકો આ લાભ લઇ શકશે. આ આયોજન બદલ શ્રી સનતભાઇને આપણે અભિનંદીએ. ધુલિયા જૈન સમાજ ધુલિયાથી જ્ઞાતિના ભાવિકોને આવી રીતે બલસાણા તીર્થયાત્રા કરાવી શકે. નાના નકરામાં મોટી યાત્રાનું પુણ્ય કમાવી આપનારા સૌનો ભૂરી ભૂરી અનુમોદના.

***હૈદરાબાદ*** — ***હંસકુમાર રાયચંદ સાયલા***

## શ્રી અનંતનાથજી ટ્રસ્ટની મિલકતોની સુરક્ષા

પ્ર.સ.અંક ૨૦, ૧૧.૫.૧૩ના તંત્રીલેખ બદલ ઘણાં અભિનંદન. અનંતનાથજી ટ્રસ્ટની મુંબઇ તથા અન્ય જગ્યાઓએ આવેલ મિલકતો અને તેમની હાલની સ્થિતિનો પૂર્ણ અહેવાલ આપી આપે જ્ઞાતિજનો પર મોટો ઉપકાર કર્યો છે. આ માહિતી આપે બે વર્ષ પૂર્વે આપી હોત તો તેની સુરક્ષા માટે જ્ઞાતિ કદાચ વહેલી જાગૃત થાત.

મોટી કમનસીબી એ છે કે જ્ઞાતિના શ્રેષ્ઠીઓ/ ટ્રસ્ટી પોતાની /કુટુંબીજનો / જ્ઞાતિની મિલકતોની સુરક્ષાની વિચાર કરવાને બદલે આખી દુનિયાનું ભલું કરવા નીકળી પડે છે. એટલેજ તો આપણી મસ્જીદબંદરમાં આવેલ ૧૫૦/૨૦૦ વર્ષ જુની મિલકતોનું રીડેવલપમેન્ટ કરવાને બદલે આપણે કચ્છ/ સૌરાષ્ટ્રના તિર્થો, પહેડીઓ, જીતો, રોટરી ક્લબ વિગેરે માટે વધુ ધ્યાન/ભોગ આપીએ છીએ.

આપણાં બાળકોને વેળાસર પોતાના ધંધામાં ન નાખવાથી આપણી પ્રખ્યાત કાં ઓ બંધ પડી ગઇ આપણા ધંધાઓને સરકારે છીનવી લીધા.

જ્ઞાતિજનોને મુંબઇમાં ગર્વસાથે રહેવું હશે તો પહેલાં જ્ઞાતિભાવના જોઇએ, ખુમારી જોઇએ, એકતા જોઇએ અને ધંધા/રહેઠાણ સાચવવા લડવાની તૈયારી જોઇએ. આપણી પાસે શ્રેષ્ઠ બિલ્ડરો, કાનુની નિષ્ણાતો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો છે. એમનો સાથ લઇ આપણે પોતાની ઉન્નતિ કેમ ન કરી શકીએ ?

ટ્રસ્ટીઓએ આપણી જ્ઞાતિના અગ્રગણ્ય બીલ્ડરો, શ્રી જયંત સોની, શ્રી પદમ સોની, શ્રી ભુપેન્દ્ર દંડ, શ્રી પ્રતાપ લોડાયા, શ્રી પ્રવીણ લોડાયા, શ્રી કુલીન પીર, શ્રી રાજેશ લોડાયા વગેરેને દરેકને ટ્રસ્ટની પ્રત્યેક સ્થાવર મિલકતને લગતા ટાઇટલ ડીડ, પ્રોપર્ટી કાર્ડ, મ્યુનીસિપલ રેટેબલ વેલ્યુ એક્સ્ટ્રેક્ટ, ડી.પી. રીમાર્ક વિગેરેની નકલો આપવી જોઇએ. જેથી તેઓ પોતપોતાના સ્વતંત્ર આર્કિટેક પાસેથી ડી.સી. રેગ્યુલેશનના દૃષ્ટિબિંદુથી દરેક જમીન-મિલકતની વિકાસ ક્ષમતા અલગ-અલગ અભિપ્રાય / અહેવાલ મેળવી શકે અને ત્યારબાદ તે સર્વ રીપોર્ટ પર વિચારણા કરી આખરી નિર્ણય લેવો જોઇએ. આનું મુખ્ય કારણ એ છે કે અનંતછાયા માટે ટ્રસ્ટીઓએ એકજ વેલ્યુઅર પાસેથી તેના બજારભાવ અને અહેવાલ મેળવેલો જેમાં તે ત્યાં પ્રતિ ચો-ફૂટનો રૂા.૧૩૦૦૦/-નો ભાવ પ્રવર્તીત હોવાનું જણાવેલું અને ટ્રસ્ટીઓ રૂા.૨૦ થી ૨૫ હજારનો ભાવ પ્રવર્તમાન હોવા છતાં ચેરીટી કમિશનર અને હાઇકોર્ટમાં પણ તે રૂા.૧૩૦૦૦/ના ભાવ દર્શાવતા વેલ્યુએશન રીપોર્ટને વળગી રહ્યા હતા. એ વાત કેટલી બધી કમનશીબ અને અસહ્ય છે. તેનો નિર્ણય જ્ઞાતિજનો પર છોડી દઉ છું.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટને આપે જણાવેલ બધી બાબતો પર Status Report જ્ઞાતિના સમક્ષ એક મહિના અંદર રજુ કરવા વિનંતી કરું છું.

***માટુંગા (૧૪.૫.૧૩)*** ***-રતિલાલ વાલજી ખોના***

## નિષ્ક્રિય ટ્રસ્ટીઓ

આપણી જ્ઞાતિની ભાતબજાર-માંડવી ખાતે મુંબઇ ૯માં કેશવજી નાયક રોડ ખાતે આવેલ ટોકરશી શામજી બિલ્ડીંગ લગભગ સાડાત્રણ દાયકા પહેલા પડી ગયેલ.

આજ સુધી આ મકાન ઊભું કરવામાં શેઠ શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાલય (પાઠશાળા) ના ટ્રસ્ટીઓ સરિયામ નિષ્ફળ ગયા છે.

ઉપરાંત સુધરાઇ વેરો ન ભરી શકતાં આ સોનેરી મિલકત હરાજીને આરે ઊભી છે. સમય આવી ગયો

જ્ઞાતિનું કેંદ્રવર્તી મહાજન

।। નમામિ જ્ઞાતિ મૈયૈ ।।

# શ્રી સમસ્ત ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ : શ્રી ચિમન મોતા - ૯૩૨૨૨ ૨૦૭૦૮,
૧૯-૨૦, મોનાણી સદન, ૧ લે માળે, નેહરૂ રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

સૌના માટે સૌની સાથે

**જ્ઞાતિની ઉગતી પેઢી માટે...**

## એક દિવસીય જ્ઞાન સંસ્કરણ શિબિર "KDO Buds" - 2

સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિઐક્ય અને અસ્મિતાને વધુ ઉજાગર કરવા, વડોદરાના સફળ આયોજન બાદ એક વધુ પ્રયાસ... જ્ઞાતિની ઉગતી પેઢી સમાન ૮ થી ૧૫ વર્ષ સુધીના બાળકો માટે સામાજિક-ધાર્મિક જ્ઞાનવર્ધક શિબિર જેમાં જીવનના સત્વને ફોરવવા પ્રેરણારૂપ સર્વાંગીણ માર્ગદર્શન સંસ્કરણની પ્રાથમિક પાયાની વાતો સાહજિક રીતે આનંદ-પ્રમોદ અને જ્ઞાનની સાથે ગમ્મત (learn with fun) રૂપે સરળ ગુજરાતી અને અંગ્રેજીમાં સમજાવીને આપણી, ધાર્મિક, સામાજિક પરંપરા, પ્રણાલીઓ અને સંસ્કારીતાનું સિંચન કરાશે. જીવનની સીડી નું પગથીયું ચડતાં બાળકોને જીવનના ઘડતર-ચણતર માં ઉપયોગી આ આગવી, અનોખી તક છે... વાલીઓને ખાસ ભલામણ.. આપના બાળકો ને જરૂર મોકલાવશોજી.

**❁ ડોંબીવલી રવિ. તા. ૧૬.૦૬.૨૦૧૩ ● સવારે ૯ થી સાંજે ૫ ❁**

જાણીએ... મહાજન પરંપરા, દર્શાઈ અસ્મિતા...

**સ્થળ :** શ્રી સુવિધીનાથ જૈન દેરાસર, માનપાડા રોડ, ડોંબીવલી (ઈ).

**સહયોગ :** માતુશ્રી ચંપાબેન હંશરાજ પરબત ડાઘા (વરાડીયા-માટુંગા) પરિવાર

**સહ સહયોગ :** નિશીથભાઈ આણંદીલાલ દંડ (તેરા-વડોદરા)

**રજીસ્ટ્રેશન :** શ્રી ક. દ. ઓ. મંડળ ડોંબીવલી. શ્રી વિરેન્દ્ર લોડાયા મો. ૯૮૨૧૦ ૭૩૮૩૦

તા. ૧૧-૦૬-૨૦૧૩ સુધી **પ્રવેશ અનામત ફી :** રૂા. ૫૦ (જે શિબિરના અંતે રીફંડ અપાશે.)

કરાશે... પુજા, ભણાવાશે... ભાવના... થશે... ચૈત્યવંદન અને ગુરૂવંદન

સૌએ ૮.૩૦ વાગ્યા સુધી આવી જવાનું રહેશે.
આખા દિવસની સાધર્મિકભક્તિની વ્યવસ્થા છે.

કરીએ... ધર્મ અને સંસ્કૃતિનું સમન્વય

**ડોંબીવલી અને આજૂ-બાજુના સૌને જોડાવવા આમંત્રણ છે.**

## "KDO Buds" - 2

અપનાવીએ... હકારાત્મક-રચનાત્મક સાત્વીક અભિગમ

What is jainsim & why we should follow ??
What is KDO and should we need community ??
What is jainam jayati Shashanam ??

Are this all question arising in your mind?. want to have answer of this question?. Then youth of 8 years to 15 years are invited to come in one day fun mela regarding the knowledge of our own Dharmik as well as K.D.O. Gnati.

**SO WE ARE INVITING...
"K.D.O. BUDS"-2 TO COME AND ENJOY
THE WORKSHOP**

Convener : **NISITH DAND - 09879111090** Co-Convener : **Pravinbhai Lodaya - 09820565261**

છે, આ નિષ્ક્રિય ટ્રસ્ટીઓને છેલ્લી ચેતવણી આપવાનો કે આ અંગે તેમજ સ્કૂલની પ્રવૃત્તી વિશે તેઓ શા માટે જ્ઞાતિ સમક્ષ સ્પષ્ટ ચિત્ર રજૂ કરતા નથી ?

વધુમાં, મહાજનવાડી (શ્રી કાનજી વસનજી પાલાણી શ્રી ક.દ.ઓ. જૈન મહાજનવાડી) પાસેથી મેળવેલ ચાર થી છ-સાત કરોડ જેટલી રકમના વ્યાજનો તેઓ કયા શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરી રહ્યા છે, તેનો ખુલાસો માંગવાનો.

આ ટ્રસ્ટીઓ પણ ખાનગી માલિકોની જેમ વહિવટ કરતા માગતા હોય તો તેઓ જ્ઞાતિનો વિશ્વાસભંગ કરી રહ્યા છે.

બાકી તો ધન્ય નાત દશેંજી !

**(મુલુંડ) ૬.૫.૧૩ - કિશોર કેશવજી મોતા**

## સામાજીક સેવાના ભેખધારી શ્રી ગુલાબચંદ જવેરચંદ છેડા



શ્રી ગુલાબચંદ જવેરચંદ છેડા (જશાપર), નાની વયેજ ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં જોડાયા. ધંધામાં વ્યસ્ત છતાં કાંઈપણ સામાજિક કામ માટે સદા તત્પર અને પરગજુ. બીજાના કામ માટે હંમેશા સેવાભાવે તૈયાર.

તા.૬.૩.૧૩ના વિશ્વ હિન્દુ પરીષદના શ્રી પ્રવીણભાઈ તોગડીયાએ વેરાવળ સોમનાથની મુલાકાત લીધી ત્યારે ગુલાબચંદભાઈની મુલાકાત લઈ એક કલાક મીટીંગ કરેલ.

તેઓ નીચેની સંસ્થામાં સક્રિય જોડાયેલ છે. માનવ અધિકારી પંચ ન્યુ દિલ્હી, જુનાગઢ જીલ્લા પર્યાવરણ બચાવ સમિતિ, જુનાગઢ જીલ્લા આર.ટી.આઈ. એકટીવીસ-૨૦૦૫, ગૌરક્ષા સેવા સમિતિ જુનાગઢ, નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન વેરાવળ ચેપ્ટર, દલીત એન્ડ સાર્વજનિક સત્ય શોધક સંસ્થા, જુનાગઢના 'ધરતીના લાલ' સાપ્તાહિકના પ્રતિનિધિ છે. હાર્દિક અભિનંદન.

### પાસ થયા - હાર્દિક અભિનંદન

સોનાલી અશોક ડાઘા - ત્રિવેન્દ્રમ SSLC - 92%

મિહીર ખોના - હુબલી SSLC - 80%

### ભૂલસુધાર :

પ્ર.સ. અંક ૧૮માં પાના નં.૪ ઉપર 'સચ્ચાઈ માતા-સાંયરાની' જા.ખ.માં ભુલસુધાર શ્રીમતી રેખા પરેશ લોડાયાના ફોન નં. શરતચુકથી ખોટા છપાયા છે તે સુધારીને **ફોન : 9820697989** વાંચવા વિનંતી છે.



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૩૧)

**- સોમ ધરમશી** (કચ્છ)

**જિજે ધરમ ને જિજે ધનમેં ઇ વે મરો**
**પચે તાં ખાસો, નકાં ખતરો પ ખરો.**

**ભાવાર્થ :** સાવ સામાન્ય દેખાતી ઉપરની પંક્તિઓ જેના શબ્દાર્થ આપવાની જરૂરત નથી, અપાર મર્મ અને ધર્મથી (ઉપદેશ) ભારોભાર સભર છે. આ પંક્તિઓનું મનન કરતાં સંસ્કૃતમાં પ્રચલિત પ્રાચીન શ્લોક માનસપટ પર અંકિત થાય છે.

**॥ અતિ સર્વત્ર વર્જયેત ॥**

કોઈ પણ વસ્તુનું અતિપણું ટાળવું જોઈએ. પછી તે ધર્મ હોય કે ધન, આપણને ખતરા તરફ એટલે કે તકલીફો તરફ દોરી જાય છે. આપણે વિમાસણમાં કે વિચિત્ર પરિસ્થિતીમાં મુકાઈ જઈએ છીએ.

ધરમનો અતિરેક કરનારા સામે કવિ તેજ લાલબતી ધરે છે. ધર્મને મુળમાંથી સમજવાની જરૂરત છે. ધર્મની દરેક ક્રિયાઓ પાછળ કાંઈક ને કાંઈક વૈજ્ઞાનિક તથ્ય હોય છે. આ તથ્યને સંપૂર્ણ સમજી જરૂરત પ્રમાણે શિષ્ટાચારપૂર્વક ધર્મ કે ધર્મની ક્રિયાઓ આચરવી જોઈએ.

ગુજરાતી સાહિત્યનાં મધ્યકાલીન યુગના કવિ અખાનાં અદભૂત છપા અહિંયા યાદ આવ્યા વગર રહે નહી.

**તિલક કરતાં ત્રેપન થયાં, જપમાલાનાં નાકાં ગયાં**
**કથા સુણી ફૂટ્યા કાન, અખા તો ન આવ્યું બ્રહ્મજ્ઞાન**

'અતિ લોભ તે પાપનું મુળ' કહેવતને સાર્થક કરતાં કવિ સમજાવે છે કે માણસે ધનનો સંગ્રહ કરવાને બદલે વિનયપુર્વક સત્કર્મમાં ઉપયોગ કરવો જોઈએ કારણકે જો એ ધનનો ઉપયોગ સારા ઉપક્રમો અને સ્થાનોમાં નહીં કરવામાં આવે તો તે વ્યસનો અને વાસનામાં દુષણોમાં ફસાઈ વ્યક્તિને આડે રસ્તે ભટકાવી શકે છે.

ધનના ઢગલામાં આળોટતા લોભી ધનવાનને ઉપદેશી સંત કબીરજીએ સરસ મજાનો માર્મિક દોહો આપી સંતોષ ધનની ગુણ ગાથા કરી છે.

**ગોધન, ગજધન, બાજધન, ઔર રતનધન ખાન**
**જબ આવે સંતોષધન, સબ ધન ધુલિ સમાન'**

જીવનમાં ધર્મ અને ધન એ પાયાની જરૂરીયાત છે. પણ મર્યાદા વગરનો ધર્મ અને અમર્યાદિત ધન વિનાશની કેકી તરફ આપણને દોરી જાય. કવિ તેજની ઉપરની રચનાને કચ્છી ન જાણનાર સમજી શકે તે માટે અદભૂત અનુવાદ કરી ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્ર મ.સા.એ મનન કરવા સૌને અર્પિત કર્યો છે.

Too many rites and too much money
always tend to crush its owner.
It digested well, they are honey
if not, they are nothing but danger.

# ॐ સગપણ સેતુ ॐ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દૃષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી **પસંદગીનો ક્રમાંક** લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં.

| ક્ર. | માહિતી પત્રક | ૫૧૦ | ૫૧૧ | ૫૧૨ | ૫૧૩ | ૫૧૪ | ૫૧૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | ગોસર | નાગડા | નાગડા | લોડાયા | નાગડા | પોલડીયા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૨.૭.૮૫ | ૧૮.૬.૮૪ | ૨૬.૧૨.૮૪ | ૧.૧૧.૮૫ | ૩૦.૧૧.૮૫ | ૨.૧૦.૮૨ |
| ૫ | વય (વર્ષ) | ૨૬ | ૨૯ | ૨૭ | ૨૭ | ૨૮ | ૩૦ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫’-૪” | ૫’-૭” | ૫’-૭” | ૫’-૫” | ૪’-૮” | ૫’-૧૦” |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૫૦ | ૬૫ | ૭૦ | ૫૫ | ૮૦ | ૫૬ |
| ૮ | વર્ણ | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવણ |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | H.S.C. | B.Com. | S.S.C.<br>IIT | H.S.C. | B.Com. | B.Com.<br>DTL |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી | ધંધો | નોકરી | નોકરી | નોકરી | નોકરી |
| ૧૧ | હાલ ગામ | ડોંબિવલી | અંજાર | ભરૂચ | ખંડવા | ખંડવા | જલગામ |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૧૧,૦૦૦ | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | છુટાછેડા | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | ના | હા | ના |
| ૧૬ | મંગળ/શનિ છે? | મંગળ | મંગળ | મંગળ | હા | મંગળ | ના |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | મિલનસાર<br>સંસ્કારી | મિલનસાર<br>સંસ્કારી | મિલનસાર<br>સંસ્કારી | મિલનસાર<br>સુશિલ, સંસ્કારી | સુશીલ<br>સંસ્કારી | મિલનસાર<br>સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | પરિવારપ્રેમી | સુશિક્ષિત | સંસ્કારી<br>પરિવારપ્રેમી | મિલનસાર<br>પરિવારપ્રેમી | મિલનસાર | પરિવારપ્રેમી<br>સંસ્કારી |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ______________ ઉમેદવારનું નામ : ______________

સરનામું : ______________________________

______________________________ ફોન : ______________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ______________ સહી : ______________

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon - MH. 424101.

## The Villager and the Thieves

One day a poor villager received a calf as a gift. The calf was very small. So he carried her on his shoulders as he passed a nearby forest. Three thieves observing this, plotted to steal the calf from the villager. They planted themselves in three different places along the path that the villager was to take.

When the villager approached the first thief, he was greeted by him saying, “Good afternoon, friend, that is a nice dog that you are carring there on your shoulders, but is it not an ill omen for you to do so?. The villager thought,” it is calf I carry, may be the man has mistaken my calf for a dog”. So thinking, he went his way.

A little further down the road he approached the second this who said.” Good day, That is really beautiful goat you are carrying on your shoulders !.” The villager did not say anything, but by now he was also beginning to doubt. How could two people see the calf differently. Anyway he continued his way. Finally he came across the third thief, who said to. “Nice cock, there. but I did not think people like you would have an interest in cocks !.” By this time the villager was totally confused. How could three people have mistaken his calf a being three different creatures - a dog, a goat and cock!. May be, he was carring an evil ghost who was changing his shape as he sat on his shoulders. Terrified at the thought, the poor villager threw the calf down and ran for his life !

The wicked thieves got their calf and had a hearty laugh at the expense of the poor fellow.

Moral : Develop self confidence. Do not see yourself through the eyes of others. One who lacks self confidence is cheated at every step. Swami Jyotimayananada.

### *Proverbs are lamps to life*

He who knows when to stop runs into no danger.

Facts do not cease to exist because they are ignored.

It is easy to flatter, harder to praise.

### *Amazing facts about India*

India invented the number system. Aryabatta invented zero.

The world’s first university was esstablished at Takshshila in 700 B.C.. over 10,500 students studied over 60 subjects over there.

Bhaskara (5th century) calculated the time taken by the earth to orbit around the sun hundred years before astronomer Smart. Time taken by the earth to move around the sun is 365.258756484 days.

Ayurveda is a the earliest school of medicine known to humjans. Charaka the great physician consolidated ayurveda 2500 years ago. Today ayurveda is fast gaining its rightful place in the Indian society.

Algebra, trigonometry and calculus came from India.

Chess or Shatrenj was invented in India.

Sushruta is the after of surgery. 2600 years ago. He and the health scientists conducted complicated surgeries. even plastic and brain surgeries.

### *Today’s word*

Today’s word is "ayurvedic medicine". Make as many words from this set of words and send it to Mrs Neelam Dalesh Momaya. The longest word wins a prize. This week’s prize goes to ***Darsana Harish Gosar*** from Karanja for her 1700 words. Congratulations Darsana. Keep it up.

### *Think it over*

The Buddha learned a great lesson of wisdom. “Do not tire out the body through excess of rituals. Then the body will perish, and there will be no success. Do not loosen the restraint over he senses. then you will not attain self-realization. Do not go to extremeness, adopt a moderate path. This is the secret of success in everything.

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**જયપુરી**
કોટન ડ્રેસ મટીરીયલ/કુર્તી
હોલસેલ ભાવે એક્ઝીબીશન માટે મળશે.
**પરીતા કલેક્શન** મો : 9619908833/7738844662

# બજેટ-૨૦૧૩ 'સર્વિસ ટેક્સ'માં સુધારા - શાહ પારસ લહેરચંદ પટેલ

બજેટ-૨૦૧૩માં સુચવાયેલ 'સર્વિસ ટેક્સ'માં સુધારા (અ) તા.૧.૩.૧૩ થી અમલમાં (બ) તા.૧.૪.૧૩ થી અમલમાં આવ્યા તથા 'સર્વિસ ટેક્સ'માફી યોજના ૨૦૧૩ આગળનાં અંકોમાં જોયું. હવે આપણે બજેટની મંજૂરીથી અમલમાં આવતા સુધારા જોઇશું. (ક) સુધારા બજેટની મંજૂરીની તારીખથી લાગુ થશે.

(૧) 'સર્વિસ ટેક્સ'માફી યોજના-૨૦૧૩ ગયા અંકમાં એની જાણકારી આપેલ છે. બજેટ મંજૂરીની તારીખથી અથવા સરકારે નક્કી કરેલ તારીખથી આ યોજના અમલમાં આવશે, જે કદાચ જુન મહીનાથી લાગુ થઇ શકે છે.

**(૨) શૈક્ષણિક સંસ્થાઓનાં કર માફીમાં ફેરફાર :** 'સ્ટેટ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેઇનીંગ' સાથે જોડાયેલી ઔદ્યોગીક ટ્રેઇનીંગ કોર્સની સંસ્થાઓને સર્વીસ ટેક્સમાંથી મુક્તી આપવામાં આવી છે. સાથે બીજી તરફ 'નેશનલ સ્કીલ ડેવલપમેંટ કોર્પોરેશન' સાથે જોડાયેલ સંસ્થાઓને આપવામાં આવેલ ટેક્સ મુક્તિ પાછી ખેંચાતાં તે સંસ્થાઓ ટેક્સની જાળમાં આવી જાશે. (કલમ ૬૫બી(૧૧).

(૩) મેડીશીનલ અને ટૉઇલેટ પ્રીપરેશનને લગતા પ્રોસસીંગ/ઉત્પાદન કે ઉત્પાદન પ્રક્રિયાને ટેક્સમાંથી મુક્તિ અપાઇ છે. (કલમ ૬૫બી (૪૦).

(૪) ખેતીવાડીને લગતી ટેસ્ટીંગની કર માફી વધારાઇ. હમણાં સુધી ખેતીનાં બીજ/બીયારણનાં પરીક્ષણને કર મુક્તિ હતી. હવેથી ખેતી/ખેતીવાડીનાં ઉત્પાદનને લગતી બધીજ જાતની ટેસ્ટીંગને પણ સર્વિસ ટેક્સમાંથી મુક્તિ મળશે. (કલમ ૬૬ડી (ડી) (૧)

**(૫) શૉ કોઝ નોટીસ લીમીટેશનનો સમયગાળો :** સમુહ સંજોગોમાં ૧૮ મહીના ગણાશે (કલમ ૭૩ (૨એ)

**(૬) સર્વિસ ટેક્સ રજીસ્ટ્રેશન ન લેનારને દંડ :** પેટે પ્રતિદિન રૂા.૨૦૦ અથવા રૂા.૧૦,૦૦૦ સુધી બનેમાંથી જે વધુ હોય તે દંડની જોગવાઇ હતી. પણ હવે તે કસુર બદલ ફક્ત રૂા.૧૦,૦૦૦ સુધી જ દંડ લાગુ પડશે (કલમ ૭૭ (૧) (એ).

**(૭) કાનુની ભંગ બદલ ૧ લાખ સુધીનો દંડ :** કંપનીનું કામ સંભાળનાર ડાયરેક્ટર, મેનેજર, સેક્રેટરી જેવા હોદ્દેદારોને કર ચોરી, સર્વીસ વગરનું બીલ બનાવવું, ગલત સેનવેટ લેવી, વસુલાત પછી પણ ટેક્સ ન ભરવા, જેવા જાણતાં છતાં પણ કસુર થયેલ હોય તો તેમને રૂા.૧ લાખ સુધીનો દંડ ભરવો પડશે. (કલમ ૭૮ એ).

**(૮) ૬ માસથી ૭ વર્ષ સુધીની જેલની સજા :** ટેક્સ ચોરી, ગલત સેનવેટ, ખોટા હીસાબી ચોપડા, ટેક્સ વસુલીને ન ભરવા જેવા ચોક્કસ કસુર બદલ ઓછામાં ઓછા ૬ માસ અને વધુમાં ૭ વર્ષની સજાની જોગવાઇ (કલમ ૮૯-૯૦)

**(૯) ધરપકડ કરવાની સત્તા :** રૂા.૫૦ લાખથી વધારેનાં સર્વીસ ટેક્સની ચારી/ગુના બદલ સુપરીન્ટેન્ડન્ટ જેવા અધિકારીને પણ ધરપકડ કરાવની સત્તા આપી શકાય છે અને કમિશ્નરને પણ પોલીસ અધિકારી જેટલા અમુક અધિકાર આપવામાં આવ્યા છે. (કલમ ૯૧)

**(૧૦) અપીલને લગતા ડીલે-કન્ડૉન કરવાની સત્તા** ટ્રીબ્યુનલને આપવામાં આવી છે. (કલમ ૮૬ (૫).

આ સુધારાઓ જુન સુધી અમલમાં આવશે.


**URGENTLY REQUIRED**

1. **SNR. ACCOUNTANT**
   WITH FULL KNOWLEDGE
   FROM ENTRY TO ADUIT,
   SERVICE TAX, VAT RETURNS. ETC
   MIN. EXP 7 TO 8 YEARS.

2. **SRN. MKTING PERSON**
   (ELECTRICAL CONTROL PANEL FIELD)
   MIN. EXP. 7 TO 8 YEARS.
   SHOULD HAVE
   GOOD CONTACT WITH
   CONSULTANTS, CONTRACTORS ETC.

**VNS SWITCHGEAR (I) PVT LTD.**
B-85/1, ANAND NAGAR,
ADDL. AMBERNATH MIDC
AMBERNATH (THANE DIST.)
Please send us your resume at
**vnsswg@gmail.com &**
**nylexgroup@gmail.com**
**Fax.: 022 -25961655**

**INTERVIEW WITHOUT APPOINTMENT WILL NOT BE ACCEPTED.**



શુભેચ્છા સહ....

Laxmichand Dharshi Mota

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

## સુરેશ ગાલા દ્વારા જૈન ધર્મના કેટલાક વિષયોની આત્મસાધનાની દ્રષ્ટિએ છણાવટ : મરમનો મલક

**મરમનો મલક :** લેખક **સુરેશ ગાલા, પ્રકાશક - પ્રાપ્તિ સ્થાન : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,** ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એબીસી ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬




કચ્છના સંત મેકણદાદાની સાખીઓનો ગુજરાતી અનુવાદ ‘અનહદની બારી’ અને કાશ્મીરી આદિસંત કવયિત્રી લલ્લેશ્વરીની રચના બાખનો ગુજરાતી અનુવાદ ‘અસિમને આંગણે’ ના મરમી ચિંતક સુરેશ ગાલાના ત્રીજા પૂસ્તક ‘મરમનો મલક’ માં જૈન ધર્મને બાહ્ય ક્રિયાકાંડમાં મૂળ સાધના પધ્ધતિ ‘ધ્યાન’ વિસારે પાડવાનું દુઃખ વ્યક્ત કરવાની સાથે પર્યુષણમાં સામાન્ય રીતે જેણે વિશે વધુ વાત થાય તેવા શિર્ષકો (૧) તપ (૨) ચૌદ ગુણસ્થાન (૩) ષડ્ આવશ્યક (૪) ગણધર વાદ (૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ / સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ (૬) શું જૈન ધર્મ જીવન વિરોધી છે. એ બાબત મૌલીક ચિંતન કરવામાં આવ્યું છે.

લેખક પોતે સ્પષ્ટ કરે છે તેમ ‘પૂજ્ય કીર્તિચંદ્ર મહારાજ સાહેબના વાર્તાલાપ દ્વારા, પંડિત સુખલાલજીનાં પુસ્તકો દ્વારા અને જૈનધર્મગ્રંથોનો અભ્યાસ કર્યા પછી મને સમજાયું કે જૈન પરંપરાના આંતરપ્રવાહમાં માત્ર ધ્યાનસાધનાની જ વાતો છે. મને ખૂબ હર્ષ થયો કે જે જૈનપરંપરામાં મારો જન્મ થયો છે એ જૈનપરંપરાની મૂળ વાતોમાં માત્ર આત્મસાધના એટલે કે ધ્યાનસાધના જ કેન્દ્રમાં છે. એ અલગ વાત છે કે જૈન પરંપરાની મૂળ વાતો ઉપર આજે બાહ્ય ક્રિયાકાંડના થર ચઢી ગયા છે. પરિણામે મૂળ વાતો ઉપર લોકોનું ધ્યાન કેન્દ્રિત થતું નથી.’

**પ્રકાશ સમીક્ષા સુરેશભાઈના જૈન ધર્મની મૂળ વાતોપર લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયાસ વધાવતા આવતા અંકથી આ પુસ્તકના દરેક પ્રકરણનો સાર રજુ કરશે.**

---

### સ્વ. મધુરીબાઈ મુલચંદ કાનજી લોડાયા (તેરા-મસ્જીદબંદર)ને

## અંતરભીની માનાંજલિ....



**જન્મ : ૪.૨.૧૯૪૦**
**સ્વ : ૧૫.૩.૨૦૧૩**

મધથી મીઠાં મધુરીબાઇ, મધુર તમારી વાણ
જીવ્યા સેવા ભાવથી, આપી ધર્મ પ્રમાણ,
સેવા સૂત્રધારી તમે, સમાજસેવા કીધી અમાપ,
પડકારોમાં અડગ રહયાં તમે, કેમે ભૂલે ક.દ.ઓ. નાત !
હસતું મુખ સદા તમારું, જાણે ફુલડાં ખીલે બાગ,
અંતર ગહન વિશાળ તમારો, મળે ન એનો ક્યારેય તાગ !
મસ્જીદબંદરમાં રહ્યાં તમે, ને થયા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી
પંદર-પંદર વર્ષ ટ્રસ્ટીપદે રહ્યાને, તમે રાખી એકજ સેવા દ્રષ્ટિ,
સાધુ-સાધ્વીઓની કીધી વૈયાવચ્ચને, દીપાવ્યા સંસ્કાર,
ઘર આવનાર મહેમાનનો, ભાવે ર્ક્યો આદર સત્કાર,
તમે કાઢ્યું સાસરીયે, પ્યારા પિયરનું નામ,
ધન્ય ! ધન્ય ! મધુરીબાઇ, રોશન ર્ક્યું તેરા ગામનું નામ
ઉર્ધ્વગામી જીવ જાય આપનો, કરે ધર્મના કામ,
રશ્મિન કહે બહેના તમને, અનંતનાથ આપે મુક્તિનાધામ,
લોડાયાને મૈશેરી પરિવારની, અંતર આરજુ ખાસ,
તમ આત્માને અનંત સુખ શાંતિ મળે, પરમ પ્રભુની પાસ...

વ્યવસાયે બુંદીજા લડુ ભનાયાં, ને ચોવાણાં લડુએંવારા બાઈ
લડુએં કના પણ જજી મિઠાઈ, હલ્યા વ્યા પાંજા મધુરીબાઈ **- રશ્મિન ખોના (મુંબઈ)**

**પ્રાર્થયિતા : માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી)**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પૂ.મુનિ દેવરત્નસાગરજી દ્વારા શાસન પ્રભાવના

પ્રવચન પ્રભાવક ગચ્છગૌરવ પૂ. મુનિ દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા મહારાષ્ટ્રથી કર્ણાટકમાં વિચરીને ચાતુર્માસ આરાધના સાથે સુંદર શાસન પ્રભાવના કરાવી. પૂ. આર્યરક્ષિતસુરીશ્વરજીની સ્થાપિત અચલગચ્છની નવમી શતાબ્દિ અને ગુરૂ ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દિ વર્ષમાં તેમની પ્રેરણાએ મલકાપુર ૩, પારોલા ૭૫, ધરણગામ-૩, યવતમાલ ૫, શેગામ અને કર્ણાટકમાં મૈસુરમાં ૭૦, ભદ્રાવતી ૬૫, હુબલી ૧૫, ગદગ ૨૧, શિમોગા ૫, ચિકમગલુર ૩, બીજાપુર-૧, બેલ્લારી ૧ અને બાગલકોટમાં ૪૫ વરસીતપ થયા. સંયમીઓ માટે ૧૦૦ નિયમાવલી, વિદ્યાપીઠ દ્વારા જૈનોલોજી કોર્સ, અચલગચ્છ ગુણગરિમા, પાપોને અલ્પવિરામ (૧૪ નિયમ સહ ૩૦૦ નિયમ) ૧૦ મિનિટનું પ્રતિક્રમણ, સર્વે અચલગચ્છ સંઘોને જ્ઞાનપૂજન ફોલ્ડીંગ સ્ટેન્ડ-યંત્ર ભેટ, પૂ.આચાર્યોશ્રીના ફોટાસહ ફોલ્ડીંગ બેનર, અચલગચ્છીઓ માટે સ્ટીકર્સ ભેટ આપાયા.

પૂ. તીર્થરત્નસાગરજી ૭મું વર્ષીતપ, મેઘરક્ષિતસાગરજી અને ચૈત્યરક્ષિતસાગરનું પ્રથમ વર્ષીતપ ચાલે છે. તત્વરક્ષિત સાગરજીના સળંગ ૧૨૧ આયંબીલ અને દેવરક્ષિત સાગરજીના ૧૦૮ આયંબીલ તપ ચાલુ છે. પૂજ્યશ્રીઓ પારોલા, મલકાપુર, ધુલીયા, જલગામ, જાલના, ભુસાવળ, કારંજા, અમલનેર, બીડ, બારસી, સોલાપુર, અંબડ, બીજાપુર, લોકાપુર, બાગલકોટ, ગદગ, હુબલી, હાવેરી, દાવણગેરી, બેલ્લારી, બેંગ્લોર, છીંદવાડા, નાગપુર, આકોલા, મુર્તિજાપુર વગેરે વિહાર યાત્રા કરી. બેંગ્લોર ચાતુર્માસ કરી વિવિધ દેરાસરો-સંઘોને દર્શન-વંદન લાભ આપેલ. અનેક સંઘોની આગામી ચાતુર્માસ માટે વિનંતીઓ થઇ રહી છે. બેંગ્લોરથી પૈદતુલ્મ (આદોની) ૨૫ દિવસીય છ'રીપાલિત સંઘ સહ પોષ દસમીનાં ૫૦૦ અઠ્ઠમો કરાવી. પૈદુતુલ્મમાં સંઘમાળદિને

## પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ (અવતરણ)
૨૯.૩.૧૯૩૫

અરિહંતશરણ
૨૩.૫.૨૦૧૨

### શ્રી ખેતશી દામજી દૌલત
**(સુથરી-વિક્રોલી)**

**જીવનસાથી પત્ની** : ધનલક્ષ્મીબેન ખેતશી દૌલત
**ભાભી-ભાઇ** : સૌ. દેવકુંવરબેન લક્ષ્મીચંદ દૌલત (વાશી) • સૌ. તરુણાબેન પ્રતાપ દૌલત (અલપઇ) સૌ. સોનલબેન દિનેશ દૌલત (અમદાવાદ)
**પુત્રવધુ-પુત્ર** : સૌ. નીતા મહેશ દૌલત • સૌ. શીતલ રાજેશ દૌલત • સૌ. દિવ્યા નિલેશ દૌલત
**પુત્રી-જમાઇ** : સૌ. પલ્લવી ભુપેન્દ્ર લાલકા (વડોદરા) • સૌ. શર્મીલા ગિરીશ મૈશેરી (ભાંડૂપ)
**પૌત્ર-પૌત્રી** : હર્ષ, હિમેશ, રીયા, ઇશા, ઇવા, નિકિતા
**દોહીત્રી-દોહીત્ર** : વંદના, શ્વેતા, હર્ષિતા, કુનાલ એવમ્ **સર્વે સગા સંબંધીઓ હિતચ્છુઓ અને**

**શા. નારાણજી ગોવિંદજી લોડાયા સમસ્ત પરિવાર (જખૌ)**
**શા. દામજી માલશી દૌલત પરિવાર (સુથરી)**

રૂ.૨ કરોડની દ્રવ્યવૃધ્ધિ થઇ. પારોલા, મલકાપુર બાદ બેંગ્લોરમાં ભવ્ય ચાતુર્માસ થયા. પારોલામાં ૧૮ દિવસીય પૌષધ વૃત-તપ સહ શિબિર યોજાયો. શિમોગા જિનાલય માટે અઢી કરોડ ફંડ થયું મૈસુરમાં વર્ષીતપ પારણા માટે રૂ.૫૦ લાખ, બીજાપુર કચ્છીભવન માટે રૂ.૭૦ લાખ, ભદ્રાવતીમાં રજત મહોત્સવ નિમિતે જૈનોલોજી કોર્સ માટે રૂ.૧૧ લાખ અર્પણ, પદમાવતી અને જવાલામાલીની ત્રિદિવસીય પદયાત્રા સંઘ, બાહુબલીની તીર્થની સ્પર્શના, હુબલી-મૈસુરઓળી આરાધના, વિવિધ સંઘોના વાતાવરણ શુદ્ધિ કરાવી સાચી દિશામાં પ્રગતિ કાર્યની પ્રેરણા, પ્રતિષ્ઠા-દીક્ષા પ્રસંગોએ નિશ્રા, વરસીતપ પારણા, વિવિધ સ્કુલોમાં સંસ્કરણ પ્રવચનો, પારોલામાં આ. કલ્યાણસાગરસુરીની મુર્તિ સ્થાપના, વરસીતપમાં વિવિધ સંઘોમાં વર્ષભર બિયાસણા વ્યવસ્થા, ગુણ સંસ્કાર શિબિરોના આયોજન, મૈસુરમાં વિવિધ પુજા મંડળોની પુજાસ્પર્ધા, અંબડમાં નુતન જિનબિંબ પધરામણી, પારોલામાં ૨૧ માસક્ષમણ તપ દરેકને રૂ.૧૬ હજારની પ્રભાવના, પારોલામાં ૧૦૮ સંતિકર મંત્ર સહ અભિષેક, યવતમાલમાં પ્રતિષ્ઠા મહોત્સવ, ડિગ્રસમાં જિર્ણોધ્ધાર પ્રેરણા, મલકાપુરમાં શાનદાર બાળ શિબિર, ગદગ-'જીવનસંધ્યામાં' ગૃહગ જિનાલય પ્રેરણા વગેરે અનેકવિધ ધર્મ, શાસન પ્રભાવનાના કાર્યોમાં પ્રેરક પ્રોત્સાહન આપી વિવિધ સંઘોમાં જાગૃતિના નિમિત બન્યા. આગામી ચાતુર્માસ તમીલનાડુ ક્ષેત્રમાં થાય તેવી સંભાવના છે.

## શ્રી રમેશભાઇ દંડની સેવાઓનું થયેલું સન્માન

જ્ઞાતિના સામાજિક સેવાનાં ભેખધારી ૭૩ વર્ષીય શ્રી રમેશભાઇ નારાણજી દંડનું તેરા ખાતે એક વિશિષ્ઠ સન્માન-અનુમોદનાનો કાર્યક્રમ પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઇ મહેતાનાં અધ્યક્ષસ્થાને અને અગ્રણી મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

વર્ષ ૧૯૭૦નાં દુષ્કાળ સમયે શેઠ શ્રી અરવિંદ મફતલાલ દ્વારા અને ત્યારબાદ શ્રી સદ્ગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ દ્વારા સુખડી વિતરણ, અનાજ વિતરણ અને પશુ ઘાસચારાની વ્યવસ્થાની જે ગોઠવણ તેમનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

શ્રી દામજીભાઇ, શ્રી બાબુભાઇ મેઘજી શાહે ભવાનજી અરજણ ખીમજી અને તેરા ગામની યાદ અપાવી ભૂતકાળની વાતોને વાગોળીને કપાસની એક


**લગ્ન સંબંધી**

મુંબઇ સ્થિત ૧૯૮૨ બોર્ન, હાઇટ ૬ ફૂટ, બી.કોમ, સ્વતંત્ર ધંધો ધરાવતા યુવક માટે મુંબઇ કે બહારગામ રહેતા ધાર્મિક, કુંવારી કન્યાના વડીલો કુંડળી, ફોટા સાથે સંપર્ક કરે. **ફોન : 098195 94680**

**લગ્ન સંબંધી**

**મુંબઇ સ્થિત, જ્ઞાતિના જન્મ ૧૯૮૬, ઉંચાઇ ૫'-૧૧", સી.એ, એમ.એન.સી.માં સારી જોબ ધરાવતા યુવક માટે, વેલ એજ્યુકેટેડ, સંસ્કારી કન્યાના વડીલો કુંડલી-બાયોડેટા સાથે સંપર્ક કરે.**

**Mob. : 090048 05940 (સાંજના ૮ થી ૧૦)**

**E-mail : futurepros86@gmail.com**

**K. Dixit**

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

**(સાંધાણ - ઘાટકોપર)**

**98204 57676**

**લગ્ન પ્રસંગ માટે લાઇટ વેઇટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**




॥ શ્રી આદિનાથાય નમઃ ॥

॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ શ્રી સુમતિનાથાય નમઃ ॥

## આભાર - આભાર - આભાર

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પુ.આ.શ્રી
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીની તથા
પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીની અસીમ કૃપાથી,

અમારા મામા-મામીજી, પપ્પા-મમ્મીજી નુવામમ્મી-ભાનાં વર્ષીતપના પારણાં ઉપર આવેલ સર્વે ગુણીજના, સગાસંબંધીઓ અને જ્ઞાતિજનોનો ઘણો ઘણો આભાર. અમે બધા તેમની ભૂરી-ભૂરી વંદના કરીએ છીએ.

**ચિ. રોપીત જયચંદ નાગડા (નલિયા)**
**ચિ. લારેશ વિરચંદ મહેશ્વરી (જખૌ)**
**ચિ. અમર લહેરચંદ મોમાયા (સાંયરા)**
**ચિ. મમતા ડિમ્પલ લોડાયા (સુથરી)**
**ચિ. તેજલ વીરચંદ મહેશ્વરી (જખૌ)**
**ચિ. અંજલી આશિષ વિકમશી (પરજાઉ)**
**ચિ. નિલુ મહેક વિકમશી (જખૌ)**
**ચિ. પૂજા આશિષ ગાંધી (ઉના)**
**ચિ. માન્ય - ચિ.સોનિકા**
**એવમ્ માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા**
**સમસ્ત પરિવાર (સુથરી-મુલુન્ડ)**

પ્રતિષ્ઠિત પેઢીનું કચ્છમાં સફળતાપૂર્વક સંચાલન અને સામાજીક સેવા સંસ્થાઓ સાથેની તેમની કર્તવ્યનિષ્ઠા પૂર્વકની સેવાની અનુમોદના પ્રસંશા કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી સુરેશભાઇ મહેતા, શ્રી દામજીભાઇ એંકરવાલા, શ્રી બાબુભાઇ મેઘજી શાહ, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલ, ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, તેરા ઠાકોર શ્રી મયુરધ્વજસિંહ જાડેજા તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોની હાજરીમાં શ્રી રમેશભાઇ દંડની બહુમૂલ્ય સેવાઓને બિરદાવતું સન્માન શ્રી સુરેશભાઇ મહેતા અને શ્રી દામજીભાઇ એંકરવાલાનાં હસ્તે કરવામાં આવેલ.

શ્રી રમેશભાઇ નારાણજી દંડ તેરાના દેરાસર, મહાજન, પાંજરાપોળ તેમજ માતાના મઢ જાગીર ટ્રસ્ટમાં લાંબા સમયથી ટ્રસ્ટીપદે સેવાઓ આપી રહ્યા છે અને અનેક સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલ છે. સન્માન પ્રત્યુત્તરમાં શ્રી રમેશભાઇ ગદ્‌ગદ્‌ લાગણીવશ થઇ ઉપસ્થિત સર્વે મહાનુભાવો તેમજ ગ્રામજનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરેલ.

શ્રી રમેશભાઇ દંડનું તેરા ગ્રામ પંચાયત વતી સરપંચ શ્રી આદમભાઇ લોધરા તથા શ્રી ચંદ્રકાન્ત ગોરે શાલ ઓઢાળીને શુભેચ્છા સન્માનપત્ર અર્પણ કરેલ. આ પ્રસંગે ભુજ, અંજાર, આદિપુર, ગાંધીધામ, અમદાવાદ, વડોદરા તેમજ મુંબઇથી તેમજ ગામનાં તમામ જ્ઞાતિનાં લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ભારતીબેન ગોર તેમજ આભારવિધી મણીલાલ મલ્લે કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક ગ્રુપ અને મહિલા મંડળે જહેમત ઉઠાવી હતી.

## જખૌ મહાજન દ્વારા પુના મુલાકાત

શ્રી જખૌ મહાજનનાં પ્રમુખ શ્રી ભરત વેરશી જીવાણી અનો સાથીઓ પુનામાં વસતા જખૌવાસીઓની મુલાકાત લીધેલ અને પર્યુષણ પર્વમાં જખૌ પધારવા આમંત્રણ આપેલ. આ મુલાકાતથી સૌનાં સંપર્ક થયો અને ૧૨ જખૌવાસી પુનાવાળાના નામ સંઘ માટે નોંધાયા. પુનામાંથી પર્વ આરાધના માટે સારો ફંડફાળો નોંધાયો અને દરેક જખૌવાસી પરિવારે મહાજનશ્રીને આ પ્રકારે પર્વ ઉજવણી માટેની તૈયારીને શુભેચ્છા આપી ઉત્સાહ દાખવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલામંચ નાગપુર

અત્રે ૧૮.૪.૧૩ સૌ.મીના મુકેશ મૈશેરીને ત્યાં મહકાલી ભાવના ભણાવવામાં આવી.

મહિલા મંચની સભા સૌ. મધુ નિતિન મુનવરના ઘરે ૨૬.૪.૧૩ના યોજાઇ છે. સભા દરમ્યાન મહાવીર જયંતી નિમિતે સૌ મહિલાઓએ પોતાની ઇચ્છા પ્રમાણે જીવદયા ખાતે રકમ નોંધાવી. ત્યારબાદ સૌ. મધુ મુનવરે વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા શીખવાડ્યું તથા તેઓ જે વિવિધ હસ્તકળાની વસ્તુઓ બનાવે છે તે સૌને બતાવી અને માર્ગદર્શન આપ્યું. ૧૮.૫.૧૩ ભાવના સૌ. અંજના ચીમન પટેલને ત્યાં હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલામંચ-કારંજા/મુર્તિજાપુર

૨૪.૪.૧૩ મહાવીર જયંતી નિમિતે મંચ તરફથી રોગ નિદાન શિબીર યોજાયેલ. જેમાં પાંચ સ્પેશીયાલીસ્ટ ડોક્ટરોએ સેવા આપેલ.

ડૉ.સૌ. સંગીતા ખોના, ડૉ. રામ હેડા (FNT), ડૉ. મુકેશ રાઠી (ગાયનેક), ડૉ. સૌ. રેખા રાઠી, ડૉ.સૌ. સ્નેહા બોચે (પેથોલોજી), હર્બલ લાઇફ પ્રોડક્ટસનું એક કાઉન્ટર રાખવામાં આવેલ હતું. જેમાં ચરબી, કોલેસ્ટેરૉલ વગેરે તપાસી દેવામાં આવેલ.

આ શિબીરનું ઉદ્‌ઘાટન શ્રી જયેશભાઇ લોડાયા (ક.દ.ઓ. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના અધ્યક્ષ) અને શ્રી મેહન્દ્ર લોડાયા (મહાજન પ્રમુખ) સન્માન હસ્તે કરાયું. બધા ડૉક્ટરોને મંચ પર આમંત્રીત કરવામાં આવેલ. પ્રશસ્તિપત્ર અને ગીફ્ટ આપીને ડૉક્ટરોનું સન્માન કરવામાં આવેલ. ડૉ.સૌ. સંગીતા સંજય ખોનાએ સૌને આવકાર આપી ડૉક્ટરની સેવા બદલ પ્રશંસા કરી. મંચ તરફથી ડૉ. સંજય ખોના સંચાલિત ગોશાળા માટે એક પાણીની ટાંકી ભેટ આપવામાં આવી. સૌ.કોમલબેન દિલીપ લોડાયાએ સૌનો આભાર વ્યક્ત કરેલ.

શિબીરમાં સૌનું ચેકીંગ કરવામાં આવેલ. સાંજે ૬ વાગે પૂર્ણ થયેલ શિબીરમાં મફત દવાઓ અને ગ્લુકોઝના પેકેટ આપવામાં આવેલ. ડૉ. સંજય ખોના, ડૉ.સૌ. સંગીતા સંજય ખોના અને મહાજન અને મહિલામંચના બધા સભ્યોના સહયોગથી શિબીર સફળ થયેલ.




ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## મૈસુરમાં ૧૮ દિવસીય આરાધના

શ્રી સુમતિનાથ જૈન શ્વે.મૂ. સંઘના મહાવીર ભવનમાં પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી ઠા.૬ની ચૈત્રી ઓળી કાજે સ્થિરતા થઇ. પ્રવચને વિશાળ જનસંખ્યા ઉભરાતી. સંઘની ચૂંટણી, અહિંસારેલી, ૯ મંડળોની પૂજા હરિફાઇ, આઠ ચાંદીના મુગટ અર્પણ વિધિ, વીર જન્મ કલ્યાણક, રથયાત્રા અને ૨૦૦ ઓળીઓ થઇ. પૂજ્યશ્રી મંડિયા થઇ બેંગ્લોર પધાર્યા જ્યાં બસવનગુડી દીક્ષા-પ્રતિષ્ઠાની જાજમ રહેલ. એક કરોડની ઉછામણી થઇ.

## પૂ. દેવરત્નસાગરજી ચાતુર્માસ કોઇમ્બતુરમાં

ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીની કૃપા-આજ્ઞા આશિષે ગણિશ્રી મહોદયસાગરજી મ.ના શિષ્યરત્નો પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી ઠા-૬નું ચાતુર્માસ કોઇમ્બતુર નગરે ઘોષિત થયેલ છે, પૂજ્યશ્રીનો પ્રવેશ ૧૪ જુલાઇના થશે.

## પાર્શ્વ સુશીલધામે મુનિવરોના વરસીતપ પારણાં

ગુણસિન્ધુસૂરિરાજની જન્મ શતાબ્દિ નિમિત્તે મુનિશ્રી દેવરત્નસાગરજીના સાંનિધ્યમાં મુ.શ્રી તીર્થરત્નસાગરજી, મુ. શ્રી મેઘરક્ષિતસાગરજી- મુ.શ્રી ચૈત્યરક્ષિતસાગરજી સાથે સા.શ્રી મુક્તિરત્નાશ્રીજી અને ૧૨ આરાધકોના વરસીતપના પારણા પાર્શ્વ સુશીલધામે થયા. શ્રીમતિ ભંવરીબેન ઘેવરચંદજી સુરાણા પરિવારે ત્રણ દિવસનો મહોત્સવ ઉજવ્યો. બેંગ્લોરથી ૨૫ કી.મી. દૂર નયનરમ્ય તીર્થ સ્વદ્રવ્યથી આ પરિવારે નિર્માણ કરેલ છે. પ્રસંગે શ્રી ક.દ.ઓ. ક.વી.ઓ., પરિવારો ભીનમાલ સંઘ, જયનગર કુમારપાર્ક, યશવંતપુર, ગાંધીનગર, ચીકપેઠ-આદિ સંઘોના આરાધકો ઉપસ્થિત રહેલા. રૂા.૧૦૦નું સંઘપૂજન થયેલ. ત્રણે દિવસ ભવ્ય આંગી પૂજન રહેલ.

## ભાંડુપમાં મહાવીર જયંતી ઉજવણી

ભાંડુપમાં મહાવીર જન્મ કલ્યાણક ઉજવણીમાં સમસ્ત જૈન સંઘો દ્વારા પ્રભુજીની શોભાયાત્રા નીકળી. જૈનમ્ હોલમાં કાર્યક્રમમાં દાતાશ્રીઓની બીરદાવલી થઇ. સ્વામીભક્તિએ ૩૫૦૦ જૈન જોડાયા.

મહાવીર જયંતીએ સૌ. રતનબેન ગોવિંદજી દંડ (લાલા-માટુંગા) એ સહપરિવારે પધારી ભાંડુપ જિનાલયે બિરાજીત મહાવીરસ્વામીને હીરાજડીત ચક્ષુઓ ચડાવ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-ધુલિયા

મહિલા મંચની સભા ૧૧.૪.૧૩ના ખજાનચી સૌ. હર્ષાબેન વિનોદ સોનીના નિવાસસ્થાને સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખ મળેલ. સૌ.હર્ષાબેને સૌનું સ્વાગત કરેલ.

માતુશ્રી કુંવરબાઇ નેણશી સોનીની પુણ્યતિથિ નીમિત્તે શ્રી વિમલનાથ ભગવાનના જાપ કરેલ. તેમના પરિવાર તરફથી મહિલા મંચને રૂા.૧૦૧/- ભેટ મળેલ. પરિવાર તરફથી રૂા.૧૦/- નું સંઘપૂજન કરવામાં આવેલ.

કુ. ભાવિકા ડુંગરશી ડાઘાએ બહેનોને મેનીક્યોર, પેડીક્યોર કરવાનું શીખવેલ સાથે ઝડપથી થઇ શકે એવી હેરસ્ટાઇલ શીખવેલ. કુ. ભાવિકાનું સૌ. મધુમતીબેન દિનેશ ભાટેના હસ્તે બહુમાન કરવામાં આવેલ અને આભાર મનાયેલ. સૌ. હર્ષાબેન મનમોહનની અભિનય દર્શાવતી વન મિનિટ ગેમ રમાડેલ. જેમાં પ્રથમ સૌ. મનિષાબેન વિનોદ ભાટે તથા દ્વિતીય સૌ.ચેતનાબેન જયેશ ભાટે તથા સૌ. નમ્રતાબેન આશિષ સોની વિજેતા થયા. સરપ્રાઇઝ ગેમમાં સૌ. ભાવનાબેન તૈલેષ ભાટેને ઇનામ મળેલ. વિજેતાઓને સૌ. હર્ષાબેન તરફથી ઇનામ આપવામાં આવેલ. સૌ હર્ષાબેને આભારવિધિ કરેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

અત્રે ૨૦ તપસ્વીઓ વર્ષીતપની આરાધના પૂર્ણ કરેલ તેમની તપસ્યાની અનુમોદના નિમિત્તે મહાજનશ્રી તરફથી ૭.૪.૧૩નાં સવારના સામૂહિક સાંજી તથા સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

નવકારમંત્ર પઠનબાદ પૂ. સાધ્વીજી મ.સા. દ્વારા આશીર્વચન અપાયેલ. મહાજનશ્રી દ્વારા તપસ્વીઓને સામૂહિક સાંજી તથા સન્માન કરવામાં આવેલ. તપ દરમિયાન નવકારશીની વ્યવસ્થા તથા આયોજન કરવામાં સક્રીય ભાગ લેનાર કાર્યકર્તાઓનું પણ સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી હીતેન્દ્ર ખીમજી વીરાએ કરેલ. મંચ ઉપર મહાજનશ્રીના ઉપપ્રમુખ શ્રી હરીશ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708 • 25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ગત વર્ષોમાં વર્ષીતપની આરાધના કરનાર સૌ. શ્રાવક-શ્રાવિકાઓની તપસ્યા રૂડી રીતે પાર પડી તે માટે શાસનદેવનો આભાર.

આ વર્ષેપણ વર્ષીતપની તપશ્ચર્યાનો સંકલ્પ કરનાર સર્વ તપસ્વીઓની આરાધના રૂડી રીતે પાર પડે તેવી શાસનદેવને પ્રાર્થના આપણે વર્ષીતપ ન કરી શકીએ તો પણ ઉણોદરી વ્રત જરૂર પાડીએ.

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

શિવલાલ મુનવર, સેક્રેટરી શ્રી સતિશ પ્રવીણચંદ લુઠીયા, જોઇન્ટ સેક્રેટરી શ્રી મેહુલ મણીલાલ નાગડા, શ્રી ક.દ.ઓ. જૈન એજ્યુકેશન સોસાઇટીના સેક્રેટરી શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા, શ્રીમતી વિજયાબેન દિલીપ નાગડા તથા શ્રી પંકજ વીરજી ગાલા આદિ બીરાજેલ. મહાજનશ્રી તરફથી સકળ સંઘને નાઠીગુઠી જમણનું આયોજન કરવામાં આવેલ. તપસ્વી સંઘ તરફથી મહાજનશ્રીને રૂા.૨૫,૫૫૫/- ભેટ આપવામાં આવેલ.

આવકાર પ્રવચન શ્રી હરીશ મુનવર તેમજ કાર્યક્રમનું સંચાલન શ્રી સતિશ લુઠીયાએ કરેલ તપસ્વી સંઘ તરફથી મહાજનશ્રીનાં પદાધિકારીઓ સમ્માન કરવામાં આવેલ.

## ભાંડુપમાં આયંબીલ ઓળી

અત્રે આદીશ્વર દરબારે મુંબઇ મહાજનશ્રી ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ. ભાંડુપ સંઘના ઉપક્રમે દાતા માતુશ્રી કાંતાબાઇ મુલજી રાઘવજી લોડાયા (સાઘવ)ના સહયોગે સંપન્ન થઇ.

પૂ.સા.શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.ની નિશ્રાએ નિત્ય સિદ્ધચક્રની આરાધનાએ, પૂજ્યશ્રીએ નવપદની સુંદર સમજ આપી નવપદના મહિમા અને સાર્થકતાની સમજ સાથે શ્રીપાળમયણા રાસના મૂળભૂત અંગો, સત્વ અને તત્વ ઉપર પ્રવચને જાગૃત કર્યા નિત્ય પ્રભાવના અને પ્રતિક્રમણ રહેતા.

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયગુણશીરના સંયમ સુવર્ણ વર્ષ દિક્ષા પર્યાયની અનુમોદનાએ મેહુલ ગિરીશ લોડાયાએ સ્વખર્ચે નવે નવ દિવસ સુગંધિત અને આકર્ષિત ફુલોની મનોહરી અંગરચના રચી ગુરૂભક્તિ કરી.

આયંબીલે રોજ ૩૫ તપસ્વી સાથે ઓળીના ૩૦ આરાધકો હતા. મધુબેન ડાઘા, ઇલા ખોના, શોભના મોમાયા, કસ્તુરી લોડાયા, ચિ. મિતલ લોડાયા, અનીતા પટેલ, મીહીર લોડાયા, વયોવૃદ્ધ વાલબાઇમાં અને લહેરચંદ મૈશેરીની ઉલ્લેખનીય સેવા રહી.

સહયોગી દાતા સૌ. જયશ્રીબેન કાંતીલાલ દંડે પારણા કરાવી પ્રભાવના આપી. ભાંડુપ સંઘે પણ સન્માન્યા. સ્વ. મુરજીભાઇને મૌન શ્રદ્ધાજંલિ અપાઇ. ચૈત્રી પૂનમનાં પૂજ્યશ્રીઓની નિશ્રામાં શ્રી સંઘે સિદ્ધાચલ તિર્થ પટ સમક્ષ ૧૦૮ ખમાસણાસહ વંદનાવલિ કરી.

## પૂ.સર્વોદયસાગરજી અને પૂ. ગુણવલ્લભસાગરજી વડોદરામાં

પૂ. સર્વોદયસાગરજી અને પૂ. ગુણવલ્લભસાગરજી રવિવાર ૨૬ મે થી રવિવાર ૨ જૂન સુધી વડોદરાના વિવિધ સંઘોને લાભ આપશે. પૂજ્યશ્રીઓ બુધવાર ૨૯ મેના શ્રી કે.ડી.ઓ. ભવન, કલાવતી હૉસ્પિટલની સામે, વારસિયા રિંગ રોડ ખાતે સવારે ૮.૩૦ થી ૯.૩૦ સુધી 'વાતો વાતોડીયાની' વિશે પ્રવચન આપશે. શ્રી સંઘે પ્રવચન બાદ નવકારશીનું આયોજન કરેલ છે.

## જ્ઞાતિજન ભા.જ.પ.ના કોષાધ્યક્ષ પદે

હિરેન મહેન્દ્ર મોતા ગુજરાત-અમદાવાદ શહેર ભાજપના કોષાધ્યક્ષ નિમાતા, ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમે તેમની નિમણૂકને વધાવતા તેમને યુવા આઇકોનનો એવાર્ડ આપ્યો છે.

## ગદગમાં આયંબિલની ઓળી

ગદગ ડૉ. સિદ્ધાર્થ દિનેશચંદ કુંવરજી લોડાયા પરિવાર તરફથી આયંબિલની ઓળી કરાવવામાં આવી હતી. ૬ ભાઇ-બહેનોએ કરી હતી. કુલ ૧૨૪ આયંબિલની તપસ્યા થઇ હતી. તા.૨૬.૪.૧૩નાં મહાજનશ્રી તરફથી ઉપ-પ્રમુખ શ્રી હરીશ શિવલાલ મનુવરે આયંબિલનાં પ્રાયોજક પરિવારનું સન્માન કરેલ. સંભાળનાર શ્રીમતી વિમલાબેન સંજય મોતાનું, વાપીથી પધારેલ શ્રી પ્રદીપ વેરસી સાયલાનું અને મદદરૂપ થનાર અન્ય ભાઇ-બહેનોનું સન્માન કરવામાં આવેલ. પ્રાયોજક તરફથી મહાજનશ્રીને રૂા.૧૫૦૦/- ભેટ અપાઇ. કાર્યક્રમનું સંચાલન મહાજનશ્રીનાં સેક્રેટરી શ્રી સતીશ પ્રવિણચંદ લુઠીયાએ કર્યું હતું.

## ગદગમાં મહાવીર જયંતી ઉજવણી

ગદગમાં શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી અત્રેના જૈનોનાં સર્વે સમાજોએ ભેગાં મળીને કરી હતી. શોભાયાત્રા મહાવીર સર્કલથી જિનકુશલ ગાદાવાડી, આપણાં દેરાસરે અને મહાવીર કોલોનીના દેરાસરે થઇને રાજસ્થાન જૈન દેરાસરે સંપન્ન થઇ. ભાઇઓ સફેદ વસ્ત્રોમાં ને બહેનો ચુંદડીમાં સજ્જ હતા. મહાજનશ્રી તરફથી શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા સનાત્ર મંડળ દ્વારા ભણાવાઇ પ્રભુજીની આંગી અને રાત્રી ભાવના યોજાઇ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

# પાલીતાણામાં સમૂહ ઈક્ષુરસ વર્ષીતપ પારણા મહોત્સવ ઉજવાયો






શ્રી શંત્રુજય મહાતીર્થે તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.નાં સળંગ ૪૪મા વર્ષીતપના પારણાસહ શ્રી ચતુર્વિધ જૈન સંઘના સમુહ ઈક્ષુરસ વર્ષીતપ પારણા પ્રસંગ અચલગચ્છ ૯૯ યાત્રા પ્લોટ, તળેટી રોડ, પાલીતાણા મધ્યે ત્રિદિવસિય મંગલમય મહોત્સવ ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાયો હતો.

પ્રથમ દિવસે મહોત્સવનાં શુભારંભ પ્રસંગે બાંદ્રા-મુંબઈથી પાલીતાણા સ્પે. ટ્રેનને ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. બપોરે પાલીતાણા મધ્યે શ્રી આદીનાથ પંચ કલ્યાણક પૂજા યોજાઈ હતી. સ્પેશીયલ ટ્રેન પાલીતાણા આવી ક્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. મુંબઈથી આવેલા ભાવિકોએ ગરવા ગિરિરાજની સમુહયાત્રા કરી હતી. સવારે નવદીક્ષીત સાધ્વીશ્રી યોગદ્રષ્ટિશ્રીજી મ.સા.ની વડી દીક્ષા યોજાઈ હતી. બપોરે ૧૦૮ સામુદાયિક શ્રી ભક્તામર મહાપૂજન તથા રાત્રે ભાવના યોજાઈ હતી.

૧૨.૫ ના અખાત્રીજે સવારે તપસ્વીઓની રથયાત્રા સહ જય તળેટી દર્શનનો કાર્યક્રમ વાજતે-ગાજતે બેન્ડપાર્ટી સાથે યોજાયો. જેમાં ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા સહિત વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભ પાવન નિશ્રામાં સમૂહ ઈક્ષુરસ વર્ષીતપ પારણાનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભે પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. ત્રિદિવસીય મહોત્સવના કન્વીનર શ્રી તારાચંદ છેડાએ સ્વાગત પ્રવચન કરી આવકાર આપેલ. ઉદારદિલ દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. પારણાં પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપતાં પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.એ ઋષભદેવ ભગવાનનાં જીવનનાં અનેક પ્રસંગો વર્ણવી તેમના જીવનમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું.

શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ પાલીતાણાની ધરા ઉપર કચ્છી સમાજની ઓળખ કરાવનાર શેઠ શ્રી કેશવજી નાયકનાં જીવનનાં અનેક પ્રસંગો વર્ણવ્યા હતા.

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ શ્રીના ગુરૂપૂજનનો લાભ માતુશ્રી નવલબાઈ ભાણજી પાસડ (શેરડી), કામળી વહોરાવવાનો લાભ લાખેણીબાઈ રામજી નવનીત પરિવારે, જ્યારે પૂજ્યશ્રીને ઈક્ષુરસ વહોરાવવાના ચડાવાનો લાભ કસ્તુરબેન કેશવજી ચાંપશી ગોશર (ગોધરા) તેમજ તપસ્વીઓને કવર અર્પણનો લાભ નાગજી નાનજી વિસર (મેરાઉ) લીધો હતો. પારણા પ્રસંગે તારાચંદભાઈ છેડા, બબલાશેઠ, ભુજપુરના બાબુભાઈ, રાજેન્દ્ર લાલકા, મહેન્દ્ર ખોના, નરેશ શાહ, ચુનીલાલભાઈ, જેન્તીભાઈ, ટોકરશીભાઈ મારૂ, મહેન્દ્ર શાહ તથા આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવનાં ત્રણ દિવસની સંપૂર્ણ સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ જગશી છેડા હસ્તે સૌ. હંસાબેન છેડા (કાંડાગરા) તથા સંઘમાતા પુષ્પાબેન વિનોદ ગંગર પરિવાર (ગોધરા)એ લીધો હતો.

હસ્તિનાપુરી નગરી, જગડૂશા ભોજન મંડપ, સુમધુર જલ ભક્તિ, ફળ-ફ્રુટ ભક્તિ, ચા ભક્તિનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધો હતો. પાલીતાણાના સંસદસભ્ય શ્રી મનસુખભાઈ માંડવીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સ્પેશીયલ ટ્રેન મુખ્ય દાતા જયંતીલાલ પ્રેમજી દેઢિયા પેથાણી પરિવાર બીદડાનું સન્માનપત્ર-મોમેન્ટો અર્પણ કરીને શ્રી તારાચંદભાઈ છેડાના હસ્તે સન્માન કરવામાં આવેલ. અન્ય દાતાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે પૂજ્યશ્રીને નલીયા, નવનીતનગર, દેવલાલી, તથા પાલીતાણા કેશવજી નાયક ધર્મશાળા માટે આવેલ ચાતુર્માસ વિનંતી પૈકી પૂજ્યશ્રીએ શ્રી દીનેશ નાયક જેઠાભાઈ દંડની પાલીતાણા કેશવજી નાયક ધર્મશાળાની વિનંતી સ્વીકારતાં ચાર્તુમાસની જય બોલાવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રકાન્ત દેઢીયાએ કરેલ. આભારદર્શન મહોત્સવ કન્વીનર શ્રી તારાચંદભાઈ છેડાએ કરેલ.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હંસાબેન મધુકાંત દંડ** | ૪, મિલન પાર્ક, મહેસાણાનગર, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨ |
| **અશ્વિન પ્રેમચંદ લાપસીયા** | ૧૨૦૩, માયક્રો સૃષ્ટી, શાંગ્રીલા ફેક્ટ્રી સામે, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ-૭૮.<br>ફોન : **09320401409** |
| **નિશિથ કે. નાગડા** | ૧-ડી, મેરૂ માર્વેલ, ૧૦-૧૩ વસંતન નગર, આર.એન. નાયડૂ લેઆઉટ, વેન્કીટપૂરમ પોસ્ટ, કોઇમ્બતુર-૬૪૧૦૨૫ |
| **તનુજા પ્રફૂલ ખોના** | ડી-૧૮, હીરનેન શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ગોરેગામ (વે), મુંબઇ-૬૨. |
| **મહેન્દ્ર રાયચંદ નાગડા** | એફ-૨૩, કે.ડી.ઓ. નગર, સરસ્વતી સોસાયટી, હરણી-વરસીયારીંગ રોડ, વડોદરા-૩૯૦૦૦૬.<br>ફોન : **09426114355** |
| **જવેરચંદ જે. લાલકા** | ૧ દીપમાલા રેસીડન્સી, આરોગ્ય કોલોની, સાવરકરનગર, ગંગાપુર રોડ, નાશિક-૪૨૨૭૦૬<br>ફોન : **09373426333** |
| **સંજય એસ. છેડા** | ડી-૭૦૩, સત્યમ સ્કાયલાઇન, નારાયણપૂરા, અમદાવાદ-૩૮૦૦૧૬. |
| **ધનપતિ મેઘજી નાગડા** | ડાગડે બંધુ, મેઇન રોડ, સાંગલી - ૪૧૬૪૧૬ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦.૫.૧૩ | હ્યુસ્ટન (USA) | NLCD110704 | આર્યા-અર્પણા/તિમિર દિલીપ છેડા | નલિયા | કન્યા |
| ૨૭.૪.૧૩ | આણંદ | RAKN011303 | યશ્વી-બિના/સંકેત નવીનચંદ્ર ખોના | રંગપુર | કન્યા |
| ૦૭.૫.૧૩ | મુલુંડ | SDLO | દેવાંશી-દીપાલી/ચેતન લોડાયા | સાંધવ | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦.૫.૧૩ | હ્યુસ્ટન (USA) | NLCD110704 | આર્યા-અર્પણા/તિમિર દિલીપ છેડા | નલિયા | કન્યા |
| ૧૧.૫.૧૩ | કારંજા | BRGS011204 | નીશાંત લહેરચંદ ત્રિકમજી ગોસર | બારોઇ | ૩૬ |
| | આંબિવલી | VRDA14 | હર્ષા આણંદજી ભાણજી ડાઘા | વરાડિયા | ૩૨ |
| ૧૦.૫.૧૩ | ડોંબિવલી | SMMA | વિજય રાયશી નરપાર મૈશેરી | મોટી સિંધોડી | - |
| | મુલુન્ડ | RANG040604 | પ્રિતી ગુલાબચંદ ત્રિકમજી નાગડા | રંગપૂર | - |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૫.૧૩ | કેનેડા | A | બીરેન વીશાભાઇ પટેલ | અમદાવાદ | ૨૬ |
| | કેનેડા | RANG070901 | નેહા દિપક પાર્શ્વીર નાગડા | રંગપૂર | ૨૪ |
| ૧૨.૫.૧૩ | મુલુંડ | TRLO | જય વીરેન્દ્ર ચાંપશી લોડાયા | તેરા | ૨૬ |
| | થાણા | A | જાનકી પ્રમોદ નારાયણદાસ રાવલ | ઇડર | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૧.૫.૧૩ | દિલ્હી | A | મુકેશ રામ સંજીવન મૌર્ય | મિરજાપૂર | ૩૦ |
| | દિલ્હી | BHDD031703 | પારૂલ ભરત નાગશી દંડ | ભરુડીયા | ૨૭ |

### લગ્ન છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૩.૧૩ | મુલુંડ | VKLO | રીષભ સુરેશ હીરજી લોડાયા | વાંકુ | ૩૦ |
| | મુલુંડ | JKNG | કિર્તીદા ઝવેરચંદ વીરચંદ નાગડા | જખૌ | ૩૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫.૫.૧૩ | મુલુંડ | MJDD090401 | દામજી (ગુલાબભાઇ) નથુભાઇ નરશી દંડ | મંજલ | ૮૨ |
| ૧૧.૫.૧૩ | હુબલી | NLCD100301 | વિજયાબાઇ ત્રિકમજી શીવજી છેડા | નલિયા | ૮૨ |
| ૧૫.૫.૧૩ | ઇન્દોર | KULO010101 | દિલીપ મુલજી આણંદજી લોડાયા | કુઆપધર | ૬૩ |
| ૧૫.૫.૧૩ | આદિપુર | VVLA041501 | રતિલાલ લખમશી લધાભાઇ લાલકા | વારાપધર | ૬૯ |
| ૧૭.૫.૧૩ | ભાંડુપ | SUSO | મેઘજી લખમશી સોની | સુથરી | ૭૫ |
| ૧૮.૫.૧૩ | ભાંડુપ | - | ધનજી ખીમજી લાલકા | વારાપધર | ૯૫ |

## સુશ્રાવક શેઠ શ્રી નારાણજી શામજી મોમાયા

## જન્મ શતાબ્દિ નિમિત્તે સપ્રેમ સ્મૃતિ... (બીજા કવરપેજ થી ચાલુ...)

''શ્રી કલ્યાણજી આણંદજી નાઇટ'' યોજીને સઘળી રકમ જમા થઇ તે કચ્છમાં જરૂરીયાતવાળા જૈન કુટુંબોને રોકડ સહાય માટે ઉપયોગમાં લીધી કચ્છના રણમાં આવેલા આદેશ્વર અને બેલા ગામ સુધાં-બધાને આવરી લીધા. ત્યારના અચલગચ્છ સંઘના સ્થાનિકે કાર્યકરો, શ્રાવક શ્રી કલ્યાણજી માવજી પટેલ (બીદડા), શ્રી ધરમશી દેવચંદ, શ્રી હિરાલાલ ભૂલાણી, શ્રી બાબુલાલ જાધવજી ઘી વાળા, શ્રી ચીમનલાલ લાલચંદ તથા શ્રી કુલીનકાંત નારાણજીના સહકારથી આ સાધર્મિક ભક્તિનું ભગીરથ કાર્ય તેમણે પૂર્ણ કર્યું.

(૩) શ્રી અચલગચ્છ સંઘમાં ''પેટી યોજના'' શરૂ કરી. દરરોજના ૧-૩-૫-૧૧ રૂા. સ્વેચ્છાએ પેટી ઘરે લઇ નાખવા ને ૩ વર્ષ પછી એ પેટીમાંથી જે રકમ થાય તે સંઘમાં જમા થાય. આવી રીતે જમા થયેલ રકમમાંથી સાધર્મિક ભક્તિ માટે સહાય કરી.

(૪) પ. પૂ. અચલગચ્છાધિપતિ આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબને તેમના પ્રમુખપણા દરમ્યાન શ્રીસંઘ તરફથી ''અચલગચ્છદિવાકર''ની પદવી પ્રદાન થઇ.

એમના વતન વરાડિયામાં દેરાસરજી ટ્રસ્ટને પચાસ વર્ષ સુધી એમ એકધારી સેવાનો લાભ મળેલ. ''શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ'' તથા ''શ્રી ભારત જૈન મંડળ'' ના ઉપપ્રમુખ પદે રહી જૈન ફીરકાઓની એકતા સારુ હંમેશા પ્રયત્નશીલ રહેતા. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રાદેશિક પ્રતિનિધિ ઉપરાંત તેઓશ્રી એના માનદ્ સલાહકાર પણ નિમાયા હતા.

શ્રી મહાવીર સ્વામી ભગવાનના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવ પ્રસંગે પણ વિવિધ યોજનાઓમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી.

સામાજિક ક્ષેત્રે - શ્રી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિનું પ્રથમ સંમેલન ઇ.સ.૧૯૪૮માં ભરાયેલ. તેમાં જ્ઞાતિના શિક્ષણના પાયા રૂપ શિક્ષણ પ્રસારક સમિતિ રચના થઇ ત્યારે શ્રેષ્ઠીશ્રી શેઠ થોભણ દેવજી, શેઠ વીરજી શીવજી છેડા વગેરેના અતિ આગ્રહથી એ ટ્રસ્ટનું પાયાનું બંધારણ અને ઉદેશો અંગ્રેજીમાં શ્રી નારાણજીભાઇ એ સોલીસીટર સાથે રાતભરમાં (Overnight) તૈયાર કરી બીજે દિવસે સંમેલનમાં રજુ કર્યું જે સર્વાનુમતે પાસ થયું. જે આજે એ બંધારણ અને ઉદેશો સમાજનાં ઉત્થાન માટે એટલાજ ઉપયોગી રહ્યા છે અને હજારો વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે.

દ્વિતીય જ્ઞાતિ સંમેલન હુબલી મધ્યે ભરાયું એમાં પણ શ્રી નારાણજીભાઇ ''અતિથિ વિશેષ'' રહી, સમાજોપયોગી માર્ગદર્શન આપ્યું.

માટુંગા મધ્યે ''શ્રી નારાણજી શામજી મહાજનવાડી''એ એમની બુધ્ધિમતા, વ્યવહાર કૌશલ્ય અને દીર્ઘદષ્ટિનો જ્વલંત નમૂનો છે. ૫૦ વર્ષ પહેલાં સમાજનાં સામાન્ય માનવીને પણ ફક્ત રૂા.૨૫૦માં લગ્ન માટે વાડી અપાય એવી મકાન હેતુલક્ષી યોજના એની પાછળ હતી.

વાડીની આવકમાંથી થતો ચોખ્ખો નફો ૫૦ ટકા દેરાસરજી અને ધાર્મિક કાર્યોમાં વપરાય અને ૫૦ ટકા સામાજિક કાર્યો માટે વપરાય. એનાંજ સંદર્ભમાં વર્તમાન ટ્રસ્ટીઓએ લોનાવલા વલવન મધ્યે સૌ પ્રથમ દેરાસરજીનું નિર્માણ કર્યું અને પછી આરોગ્ય ધામ થયું, જેના લાભ સમગ્ર સમાજનાં અનેકાનેક લોકો લઇ રહ્યા છે.

શ્રી નારાણજીભાઇની સામાજીક સેવાઓને ધ્યાનમાં લઇ શ્રી મહારાષ્ટ્ર સરકારે તેમને Special Executive Magistrate (S.E.M.) થી નવાજ્યા હતા. એવા સુસંસ્કારી, સ્વપરિશ્રમી, સ્પષ્ટવક્તા અને સ્વાવલંબી શ્રી નારાણજીભાઇના સદ્ગુણો, સત્કર્મો અને સુવિચારોની સ્મૃતિ સૌના દિલમાં કાયમ રહેશે.

### જન્મ શતાબ્દિ નિમિત્તે એ પુણ્યાત્માને સપ્રેમ ભાવાંજલિ...


## લગ્ન સંબંધી



**કરીશ્મા ચંદ્રકાંત લોડાયા**

(PGP - Business Journalism)

(સાયંરા-વિશાખાપટ્ટનમ) હાલ મુંબઇ

જન્મ તા.૨૦.૦૧.૧૯૮૯

વિશાખાપટ્ટનમ સ્થિત (હાલ મુંબઇ), સાંયરા, કરીશ્મા ચંદ્રકાંત લોડાયા જન્મ તા.૨૦.૦૧.૧૯૮૯, ઉંચાઇ ૫ ફૂટ, વજન-૪૮ કિલો, (PGP - Business Journalism) કરે છે, જેને માટે યોગ્ય અપરિણીત, વેલસેટલ્ડ, ગુજરાત અથવા મુંબઇના યુવકોના વડીલો સંપૂર્ણ બાયોડેટા તથા ફોટા સાથે સંપર્ક કરે.

**Mob. : 093973 78003 / 088853 45294**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 • day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# નાગડા તથા મોતા પરિવારનું ગૌરવ




અમારી દિકરી **ચિ. સ્વેની જીગર નાગડા**ને મોરીસીયશ (Mauritius)મા મરાઠી ડે (Marathi day) નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ (Cultural Program)માં ભાગ લેવા ગીતા નૃત્ય વિદ્યાલય (Geeta Nritya Vidyalay)એ આમંત્રણ આપ્યું અને આ કાર્યક્રમમાં **ચિ.સ્વેની**એ ઉત્કૃષ્ટ ડાન્સ પરફોર્મન્સ કરેલ.

**સ્વેની**ને નેશનલ સોશીયલ સિક્યુરિટી મિનીસ્ટર ઓફ મોરીસીયશ સૌ.શૈલાબાઇ બાપૂ (National Social Security Minister of Mauritius Mrs. Sheilabai Bappo)ના વરદ હસ્તે ટ્રોફી (Trophy) તથા સર્ટિફિકેટ (Certificate) એનાયત કરવામાં આવેલ.

**ચિ.સ્વેની** ને ૯ વર્ષની નાની ઉંમરે આવો સુંદર પુરસ્કાર મળવો એ અમારા પરિવાર તથા આપણી જ્ઞાતિ માટે ગૌરવવંતુ છે.

**ચિ.સ્વેની** ઉત્તરોતર આવી પ્રગતિ કરતી રહે એવી **શુભેચ્છાઓ** અને **હાર્દિક અભિનંદન...**

## શુભાશિષ ને શુભેચ્છા ગુલછડી



દાદી-દાદા : રતન દિલીપ જવેરચંદ નાગડા (પરજાઉ-ઐરોલી)
નાની-નાના : મીરા કાંતિલાલ ધનજી મોતા (કુઆપધર-મુલુંડ)
માતા-પિતા : તન્વી જીગર દિલીપ નાગડા (પરજાઉ-ઐરોલી)
ફૂઇ-ફુઆ : પ્રીતિ કેતન પ્રેમજી વિસરિયા (મોખા, ન્યુયોર્ક, અમેરિકા)
મામી-મામા : પાયલ હેમાંગ કાંતિલાલ મોતા (કુઆપધર-મુલુંડ)
બહેનો : ધ્વનિ અને કાવ્યા

જીવનની ખરી ઉડાન હજી બાકી છે, જીવનમાં ઘણી પરીક્ષા હજી બાકી છે, હજી તો માપી છે મુઠ્ઠીભર જમીન અમે, હજી તો આખું આસમાન બાકી છે.

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**